કવિવર પંડિત શ્રી પદ્મવિજયજી વિરચિત

મદન-ધનદેવ-રાસ

સંપાદક : **પૂજ્ય પંન્યાસ શ્રી રમણીકવિજયજી ગણિ**

ધર્મોપદેશ તેમ જ શાસ્ત્રરચના માટે પણ લોકભાષાનો આદર એ જૈન સંસ્કૃતિની ભારતીય સંસ્કૃતિને મહત્ત્વની ભેટ છે. લોકભાષા તરફના જૈન સંસ્કૃતિના આવા આદર અને ગુણપક્ષપાતભર્યા વલણને કારણે દરેક સૈકામાં જુદા જુદા પ્રદેશોની પ્રચલિત લોકભાષામાં જૈનધર્મના સાહિત્યના ચારે અનુયોગના ગ્રંથો રચાતા રહ્યા છે. તેમાંય કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય પછી તો ગુજરાતી-રાજસ્થાની ભાષામાં ગદ્ય તેમ જ પદ્ય બન્ને શૈલીમાં નાની-મોટી ગણી ગણાય નહીં એટલી બધી કૃતિઓની રચના થઈ છે. (કન્નડ તથા તામિલભાષાનું પ્રાચીનમાં પ્રાચીન સાહિત્ય પણ જૈન ભિક્ષુઓ અને વિદ્વાનોના હાથે જ રચાયેલું છે, એમ એ સાહિત્યના અભ્યાસીઓ કહે છે.) અને ઉચ્ચ કોટિની સાહિત્યિક રચનાઓ દ્વારા લોકભાષાનું વધુ ને વધુ સામર્થ્ય પ્રગટાવવાનો અને લોકભાષાના સાહિત્યને વિશેષ સમૃદ્ધ બનાવવાનો આ ક્રમ અત્યારે પણ જૈન સંઘમાં પહેલા જેટલો જ પ્રચલિત છે. આ પછી તો સર્વસામાન્ય વર્ગના વિદ્વાનો અને કવિઓ પણ લોકભાષાનો પૂરેપૂરો આદર કરીને એમાં ઉત્તમ કોટિની અસંખ્ય ગદ્ય-પદ્ય કૃતિઓ ઘણા લાંબા સમયથી રચવા લાગ્યા છે.

ધર્મકથા કહેવી હોય કે સંસારકથા કહેવી હોય, એને ત્રણ રીતે આકર્ષક બનાવી શકાય: સરળ અને મધુર ભાષા, સચોટ અને સરસ શૈલી, અને મનને વશ કરી લે અને કુતૂહલ, ઉત્સુકતા અને જિજ્ઞાસાને ઉત્તેજિત કરે એવું કથાવસ્તુ. કથામાં આટલું તત્ત્વ હોય એટલે પછી કથાના વાચકો કે શ્રોતાઓ આપમેળે જ વશ થઈ જાય. તેમાંય રચના પદ્ય શૈલીની હોય, ભાષા સુગમ અને મધુર હોય, કથાવસ્તુ ઉત્સુકતા પ્રેરક હોય અને ગાયકને બુલંદ, મધુર અને ભાવવાહી કંઠની ભેટ મળી હોય, પછી તો ગાયક અને શ્રોતાઓ વચ્ચે એવી એકરૂપતા પ્રગટે કે જાણે આ ધરતીનું રૂપ જ બદલાઈ જાય! આમાં મુખ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વશીકરણ ગેયાત્મક–પદ્યબદ્ધ કાવ્યકૃતિનું સમજવું. સૈકે સૈકે સંખ્યાબંધ જૈન કવિઓ નાના–મોટા અસંખ્ય રાસોની રચના કરવા પ્રેરાતા રહ્યા તે મુખ્યત્વે આ જ કારણે. ગેય કાવ્યની પાંખે ચડેલું કથાવસ્તુ જાણે સહેલાઈથી શ્રોતાના હૃદયપ્રદેશ સુધી પહોંચી જાય છે.

વિક્રમની ઓગણીસમી સદીમાં થઈ ગયેલા એક ખ્યાતનામ કવિવર પંડિતરત્ન શ્રી પદ્મવિજયજીએ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં રચેલ આવી જ એક આજ સુધી અપ્રગટ કાવ્યકૃતિ–મદન-ધનદેવ-રાસ–નું સંપાદન કરીને એને અહીં પ્રગટ કરવામાં આવે છે. આ કાવ્યકૃતિમાં આમ તો બધાય સાહિત્યરસોનો આસ્વાદ મળી રહે છે; આમ છતાં એમાં અદ્ભુતરસનું પ્રાધાન્ય છે; અને તેથી આવી રચના ચરિત્રકથાશૈલી કરતાં પૌરાણિક કથાશૈલીને વધુ અનુસરે છે, એ હકીકત રાસનું વાચન કરતાં સહેજે જણાઈ આવે છે. કવિવર પં. શ્રી પદ્મવિજયજી મહારાજ એમની સુમધુર કાવ્યકૃતિઓ દ્વારા—ખાસ કરીને જુદી જુદી પૂજાઓની રચના દ્વારા—જૈન સંઘમાં આબાલગોપાલ જાણીતા છે. એમની અનેક કૃતિઓને અંતે આવતી 'ઉત્તમજિનપદપદ્મની સેવા' જેવી પંક્તિઓએ, મુનિવર્ય શ્રી ઉત્તમવિજયજીના શિષ્ય મુનિરાજ શ્રી પદ્મવિજયજી તરીકે, આ કવિરત્નનું નામ જનસમુદાયની જીભે રમતું કરી દીધું છે. મધુર કાવ્યનું સર્જન કરવાની પ્રતિભાનું જાણે એમને વરદાન મળ્યું હતું. ધર્મ અને તત્ત્વજ્ઞાનના કંઈક ગહન વિષયોને તેઓ પોતાની રસળતી, સરળ, કાવ્યવાણી દ્વારા સામાન્ય જનસમુદાય સુધી સહેલાઈથી પહોંચતા કરી શકે છે.

કર્તા *

આ રાસના કર્તાનું નામ શ્રી પદ્મવિજયજી છે. કર્તાએ રાસને અંતે પ્રશસ્તિમાં પોતાની ગુરુપરંપરા આપેલ છે, તે આ પ્રમાણે છે:—

(તપાગચ્છ) શ્રી વિજયદેવસૂરિ
|
વિજયસિંહસૂરિ
|
પંડિત સત્યવિજયજી
|
ખિમાવિજય
|
જિનવિજય
|
ઉત્તમવિજય
|
પદ્મવિજય

* આ રાસના કર્તા પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજનો પરિચય સાક્ષરવર્ય શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈકૃત "જૈન ગૂર્જર કવિઓ", ભાગ ત્રીજો, ખંડ પહેલો—એ સુપ્રસિદ્ધ ગ્રંથરત્ન (પૃ. ૭૩–૭૫)માંથી આભારપૂર્વક અહીં આપવામાં આવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્તાના ગુરુનું નામ મુનિવર્ય શ્રી ઉત્તમવિજયજી છે. કર્તા શ્રી પદ્મવિજયજી ક્રિયોદ્ધારક પંડિત શ્રી સત્યવિજયજીની પરંપરામાં થયેલા છે. તેમનો પરિચય આ પ્રમાણે છે :—

અમદાવાદમાં શામળાની પોળમાં રહેતા ગણેશ નામના શ્રીમાલી વણિકને ત્યાં એની ભાર્યા ઝમકુથી વિ. સં. ૧૭૯૨ ના ભાદ્રપદ શુદ બીજને દિને એક પુત્રનો જન્મ થયો. એનું નામ પાનાચંદ રાખ્યું. છ વર્ષની વયે માતા મરણ પામી. વિ. સં. ૧૮૦૫ના મહા સુદ પાંચમને દિને, ૧૩ વર્ષની વયે, પાનાચંદે મુનિવર્ય શ્રી ઉત્તમવિજયજી પાસે રાજનગરમાં દીક્ષા લીધી. નામ પદ્મવિજય સ્થાપિત કર્યું. પછી ગુરુ પાસે શાસ્ત્રાભ્યાસ કર્યો અને સૂરતમાં સુવિધિવિજયજી પાસે શબ્દશાસ્ત્ર (વ્યાકરણ) તથા કાવ્ય, અલંકાર આદિનો અભ્યાસ કર્યો. ઉપરાંત, એમણે તારાચંદ સંઘવીની સહાયથી ન્યાયશાસ્ત્રનું અધ્યયન શરૂ કર્યું.

પછી તપગચ્છના વિજયધર્મસૂરિ ભટ્ટારકે રાધનપુરમાં વિ. સં. ૧૮૧૦માં પદ્મવિજયજીને પંડિતપદ આપ્યું. ત્યાંથી સંઘ સાથે ગિરનાર, નવાનગર, શત્રુંજય તીર્થની યાત્રા કરીને તેઓએ ભાવનગરમાં ચોમાસું કર્યું. વિ. સં. ૧૮૧૩ અને ૧૮૧૪નાં ચોમાસાં સૂરતમાં કર્યાં. તે પછી તેઓના ગુરુશ્રીએ એમને બુહરાનપુર મોકલ્યા. ત્યાં ચોમાસું કરી દક્ષિણ દેશમાં કેટલોક સમય વિચરી તેઓએ બુહરાનપુર આવી સ્થાનકવાસી સાથે વાદ કર્યો. સં. ૧૮૧૫–૧૬નાં ચોમાસાં ત્યાં કરી ૧૭નું ચોમાસું ખંભાતમાં કર્યું. પછી શત્રુંજય આવી રૂપચંદ ભીમના જિનપ્રાસાદમાં અનેક બિંબોની પ્રતિષ્ઠા કરાવી. ઘોઘા જઈ ચંદ્રપ્રભસ્વામીની પ્રતિષ્ઠા કરી. પાટણમાં ચોમાસું કરી સિદ્ધપુર, પાલનપુર—એમ ફરીને સંઘ સહિત આબુની યાત્રા કરી. પછી રાધનપુર બે ચોમાસાં કરી સં. ૧૮૨૧માં સિદ્ધપુરમાં ચોમાસું કરી રાજનગર ને સૂરત ગયા. સૂરતના તારાચંદ સંઘવીને સિદ્ધાચલમાં ૨૯૫ બિંબની પ્રતિષ્ઠા કરવાની ઇચ્છા થઈ તે પદ્મવિજયજીએ પૂરી પાડી. પછી સમેતશિખરની યાત્રા કરી મકસુદાબાદમાં પ્રતિષ્ઠા કરી. સં. ૧૮૨૫માં નવસારી ચોમાસું કરી ગુરુ ઉત્તમવિજયજી સાથે રાજનગરમાં આવ્યા. અહીં સં. ૧૮૨૭માં ગુરુ દિવંગત થયા.

પછી પોતે સં. ૧૮૩૦માં સાણંદ ચોમાસું કરી રાજનગરમાં ત્રણ ચોમાસાં કર્યાં. પછી બે ચોમાસાં વીસનગરમાં કર્યાં. પાટણ આવી પ્રેમચંદ લવજીએ કાઢેલા સંઘ સાથે સિદ્ધાચલ ગયા. સં. ૧૮૩૮ અને ૧૮૩૯ માં લીમડીમાં ચોમાસાં કર્યાં. અહીંથી વીસનગર ગયા અને ત્યાં ચોમાસું કર્યું. સં. ૧૮૪૩માં રાધનપુરમાં ચોમાસું કર્યું. ત્યાંથી વીરમગામમાં ચૈત્યપ્રતિષ્ઠા કરી તે જ વર્ષના જેઠ માસમાં રાધનપુરના દેવરાજ મસાલીએ ગોડીજીની યાત્રા માટે કાઢેલા સંઘ સાથે ગયા. સં. ૧૮૪૪ ના માઘ વદિ ૯ ગુરુવારે પાટણમાં બિંબપ્રતિષ્ઠા કરી. પછી રાધનપુર, પાટણ વગેરે સ્થાનમાં ચોમાસાં કરી સં. ૧૮૪૮માં રાધનપુર ચોમાસું કરી ત્યાંથી વિમલાચલ જઈ લીંબડી થઈ સૂરત આવી રાંદેર જઈ સ્થાનકવાસી સાથે વાદ કર્યો. ખંભાત આવી ફરી સિદ્ધાચલની યાત્રા કરી લીંબડી આવ્યા. ત્યાં પણ સ્થાનકવાસી સાથે વાદ કર્યો. પછી હૃદયરામ દીવાને કાઢેલ ગોડીજીના સંઘ સાથે જોડાઈ યાત્રા કરી લીંબડી ચોમાસું કર્યું. પછી સં. ૧૮૫૩માં રાજનગરમાં ચોમાસું કર્યું. અહીં શ્રીમાલી લક્ષ્મીચંદ શેઠે સહસ્રફણા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા ૧૮૫૪ના મહા વદિ ૫ ને સોમવારે કરાવી, તેમાં ૪૭૨ જિનમૂર્તિઓ અને ૪૯ સિદ્ધચક્રની પ્રતિષ્ઠા કરી. પછી રાજનગરના ઓસવાળ હર્ષચંદ સંઘવીએ સિદ્ધાચલનો મોટો સંઘ કાઢ્યો. સં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૮૫૭માં સમેતશિખરમાં જીર્ણોદ્ધાર કરાવ્યો. સં. ૧૮૫૮માં લીંબડી ચોમાસું કર્યું. સં. ૧૮૫૯માં અમદાવાદ વૈશાખ સુદિ ૭ ગુરુવારે પ્રતિષ્ઠા કરી. ત્યાં બે ચોમાસાં કરી પાટણ આવ્યા; ત્યાં સં. ૧૮૬૨ના ચૈત્ર સુદ ૪ ને બુધવારે સ્વર્ગવાસ કર્યો. એમણે ૫૭ વર્ષના દીર્ઘ દીક્ષાપર્યાય દરમ્યાન આ પ્રમાણે યાત્રાઓ કરી હતી:—

વિમલાચલ (પાલીતાણા)ની	યાત્રા	તેર વાર;
ગિરનારની	યાત્રા	ત્રણ વાર;
શંખેશ્વરની	યાત્રા	એકવીશ વાર;
ગોડીપ્રભુની	યાત્રા	ત્રણ વાર;
તારંગાજીની	યાત્રા	પાંચ વાર; અને
આબુની	યાત્રા	એક વાર.

રાસકર્તાની રચનાઓનો પરિચય

શ્રી પદ્મવિજયજી સિદ્ધહસ્ત કવિ હતા અને દીક્ષા લીધા પછી છઠ્ઠા વર્ષથી જ તેઓએ પૂજા, સ્તવન, રાસ આદિ નાની-મોટી અનેક રચનાઓ કરવાની શરૂઆત કરી હતી. એમની રચનાનો સંવતવાર ક્રમ નીચે પ્રમાણે છે :—

રાસ અને પૂજા

(૧) અષ્ટપ્રકારી પૂજા	રચના સંવત ૧૮૧૯ ઘોઘામાં.
(૨) નેમિનાથ રાસ	ર૦ સં૦ ૧૮૨૦ રાધનપુર.
(૩) શ્રી ઉત્તમવિજય-નિર્વાણ રાસ (ઐ૦)	ર૦ સં૦ ૧૮૨૮
(૪) મહાવીરસ્તવ (ષટ્પર્વી મહિમાધિકાર ગર્ભિત)	ર૦ સં૦ ૧૮૩૦
(૫) જિનકલ્યાણસ્તવ	ર૦ સં૦ ૧૮૩૭
(૬) પંચકલ્યાણ-મહોત્સવસ્તવ	ર૦ સં૦ ૧૮૩૭
(૭) નવપદપૂજા	ર૦ સં૦ ૧૮૩૮ લીંબડી.
(૮) સમરાદિત્ય કેવલી રાસ	ર૦ સં૦ ૧૮૪૧ વીસનગર.

આ રાસ સમદર્શી આચાર્ય શ્રી હરિભદ્રસૂરિકૃત સમરાદિત્યચરિત્ર પરથી રચ્યો છે :

'સમરાદિત્ય સુસાધુનો ચરિત્ર અછેં સુવિચિત્ર ।
હરિભદ્ર સૂરેં ભાખીઓ વચન વિચાર પવિત્ર ।।'

(૯) સિદ્ધાચલ નવાણુ યાત્રા પૂજા	ર૦ સં૦ ૧૮૫૧
(૧૦) મદન-ધનદેવ-રાસ	ર૦ સં૦ ૧૮૫૭ રાજનગર
(૧૧) જયાનંદ કેવલી રાસ	ર૦ સં૦ ૧૮૫૮ લીંબડી

આ રાસ સહસ્રાવધાની શ્રી મુનિસુંદરસૂરિકૃત શ્રી જયાનંદકેવલિચરિત્ર પરથી બનાવ્યો છે. પોતે રાસમાં આ વાતનો આ પ્રમાણે ઉલ્લેખ કરે છે :—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિસુંદરસૂરિ એકાવનમેં પાટે ગુણગણદરિયા જી;
સહસ્રવિધાની બાલપણાથી તાર્યા જિહાં વિચરિયા જી.
અધ્યાત્મકલ્પદ્રુમ નામે સાંતિકર જિણે કીધું જી;
એકસો આઠ હાથનો કાગલ લિખિને ગુરુને દીધું જી.
એકસો આઠ વર્તુલિકાના રવ ભિન્ન ભિન્ન ઓળખિયા જી;
ઉપદેશરત્નાકર જિણે કીધો વાદિગોકુલસાંઢ લખિયા જી.
ઇત્યાદિક બહુ ગ્રંથના કર્તા શ્રી જયાનંદચરિત્ર જી;
જિણે કીધું નાના રસ સંયુત બહુ વૈરાગ્ય પવિત્ર જી.
તેહ ચરિત્રથી રાસ રચ્યો મેં ઓછો અધિક લિખાયો જી;
તે મુઝ મિચ્છા દુક્કડ હોજ્યો પાપ રતિ ન રખાયો જી.

દેવવંદન, સ્તવન, સજ્ઝાય આદિ

ચોવીસી બે. ચોમાસી દેવવંદન. ચોવીસી દંડક ગર્ભિત વીર જિન સ્તવન. ખંભાત ચૈત્યપરિપાટી સ્તવ. સમકિત પચીસી સ્તવન ૨૦ સં૦ ૧૮૧૧. સિદ્ધચક્ર સ્તવ તથા સિદ્ધાચલાદિ અનેક તીર્થ સ્તવનસંગ્રહ તથા સિદ્ધચક્રાદિ નમસ્કાર સંગ્રહ. સિદ્ધદંડિકા સ્તવન ૨૦ સં૦ ૧૮૧૪. પંચકલ્યાણ સ્તવન ૨૦ સં૦ ૧૮૧૭. પંચકલ્યાણક માસાદિ ગર્ભિત સ્તવન. આ સિવાય બીજાં તીર્થ સંબંધીનાં, સંઘયાત્રા સંબંધીનાં, સીમંધર આદિ જિનસ્તવનો તેમ સજ્ઝાય, ગહુંલીઓ, થોય–સ્તુતિઓની રચનાઓ કવિ શ્રી પદ્મવિજયજીએ એમના કવિ નામને સાર્થ કરી બતાવે એવી સરસ રીતે કરી છે. તેમનાં સ્તવનોમાં જે ભાવ બતાવેલ છે તે કાવ્યદૃષ્ટિએ વિશેષ રસિક છે. ચોમાસી દેવવંદનમાં આદિનાથના 'પ્રથમ જિનેશ્વર' સ્તવનમાં ચોત્રીશ અતિશયનું વર્ણન બહુ સુંદર રીતે કર્યું છે; તેવી રીતે બીજાં સ્તવનોમાં પણ જોવામાં આવે છે. અને સ્તુતિઓ–થોયોમાં તો તેઓ યમકનો ચમત્કાર બતાવ્યા વિના રહેતા નથી :—

આદિ જિનવર રાયા જાસ સોવન કાયા,
મરુદેવી માયા ધોરી લંછન પાયા;
જગત સ્થિતિ નિપાયા શુદ્ધચારિત્ર પાયા,
કેવલશ્રી રાયા મોક્ષનગરે સિધાયા. (૧)

પ્રસ્તુત રાસમાં તેમણે કરેલું મેઘનું વર્ણન ઉપરની હકીકતનો એક સુંદર નમૂનો છે—

એક દિન પાઉસ આવ્યો રે,
કામિની વિરહ અગનિ થકી ધૂમલેખા ધનમાળા રે;
વિસ્તરી ગગને તેણિં કરી મેઘ હુઆ માનું કાલા રે.
દિશિવધૂને આભર્ણ પરિ જલદા ભર્તાઈ દીધું રે;
ચમકે ચિંહું દિશિ વીજ તે કનકમયી સુપ્રસીધું રે.
ડિંડિમ પાઉસ રાયનો ચ્યારિં દિશિ વિસ્તરીઓ રે;
હું રાજા છું ઇણિ પરેં લોક ગર્જારવેં ભરીઓ રે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથિવી મહિલાને હૃદેં હાર સૈર અભિરામ રે;
સરિતા પસરી સોહિઈ દેખી પસરે કામ રે.
મેઘ ઘટા મહિષી વલી પૃથિવી ને આકાશેં રે;
પય ઝરંતી ગાજેં ઘણું શ્યામ વરણ સુપ્રકાશી રે.

આ ઉપરથી કવિની સ્પષ્ટ રીતે ચમકતી કાવ્યરસિકતા કોના ખ્યાલ બહાર રહે એમ છે? આ ઉપરાંત એમણે ગદ્યની રચના કરી છે. શ્રી યશોવિજયજીકૃત સીમંધરજિનના ૩૫૦ ગાથાના સ્તવન પર બાલાવબોધ રચ્યો—૨૦ સં. ૧૮૩૦; 'ગૌતમકુલક' ઉપર બાલાવબોધ રચ્યો છે—સં. ૧૮૪૬; તેમ યશોવિજયજી કૃત મહાવીર સ્તવનો બાલાવબોધ સં. ૧૮૪૯માં; 'ગૌતમપૃચ્છા' બાલાવબોધની સં. ૧૮૮૪માં અને સંયમશ્રેણિ સ્તવન પર ટબાની રચના કરી છે.

કવિશ્રી પોતાની નાની–મોટી તમામ કૃતિઓમાં પોતાના ગુરુનું 'ઉત્તમ' શબ્દ દ્વારા સ્મરણ કરતા હોય છે. એ તેમની અસાધારણ ગુરુભક્તિ જ કહેવાય :

જિન ઉત્તમ થુણેતા પદ્મને સુખ દિંતા.

વાંચનાર તથા સાંભળનારને જે કવિતાનો સમૂહ રસ પેદા કરે તેને સાધારણ રીતે રાસ કહેવામાં આવે છે. પ્રસ્તુત રાસમાં મદન અને ધનદેવનું કથાનક સરસ રીતે વર્ણવાયેલ છે, એટલે આ કવિતાનું 'રાસ' નામ સાર્થક બનેલ છે.

ભાષા

ભાષા અંગે વિશેષ લખવા જેવું નથી, કારણ કે આ રાસની ભાષા ૧૯મા સૈકાના મધ્યકાળની છે, એટલે લગભગ ચાલુ ગુજરાતી ભાષા જેવી છે; રાસ વાંચતાં તરત સમજાય તેવી સુગમ છે. કવિશ્રી સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના પંડિત છે તેથી રાસમાં કેટલીક જગાએ સંસ્કૃત અને પ્રાકૃત શબ્દો જોવા મળે છે. પરંતુ સંદર્ભ જોઈને વાંચનાર કે સાંભળનાર તે શબ્દોના અર્થ તરત સમજી શકે એમ છે.

આધાર

શ્રી પદ્મવિજયજીએ પોતાની મતિકલ્પનાથી આ રાસ રચ્યો નથી; પરંતુ પૂર્વાચાર્યોએ આ કથાનકની રચના કરી છે, તેના આધારે પોતે રાસની રચના કરી છે. તે માટે પોતે રાસના અંતે આ રીતે ઉલ્લેખ કરે છે :—

તસ આસન સોહાગુરુ એ જાણે જૈન સિદ્ધાંત;
શ્રી ગુરુ ઉત્તમવિજયજી એ રે વૈરાગી એકાંત.
તસ પદપદ્મ ભ્રમર સમો પદ્મવિજય વર નામ;
ગુરુકિરપાથી કીધલો રે એહ રાસ અભિરામ.
પંચમ સુમતિ જિનેસરૂ રે તેહના ચરિત્ર મંઝારી
શ્રી જયાનંદચરિત્રમાંથી રે ભાખ્યો એ અધિકાર.

પાંચમા તીર્થંકર સુમતિનાથના ચરિત્રમાં તેમ શ્રીજયાનંદકેવલીચરિત્રમાં આ કથાનક આવેલ છે તેના આધારે આ રાસની રચના કરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જયાનંદકેવલીચરિત્રના કર્તા સહસ્રાવધાની આચાર્ય શ્રી મુનિસુંદરસૂરિજીએ પોતાના રચેલા ચરિત્રના નવમા સર્ગમાં કમલપ્રભનગરમાં કમલપ્રભ નામનો રાજા છે. તેને એકનો એક પુત્ર છે. તેને ગાત્રસંકોચ નામનો મહાવ્યાધિ થયેલો છે. ઘણા ઉપચાર કરાવે છે, છતાં વ્યાધિ મટતો નથી. પછી નગરમાં પડહ વગડાવે છે : જે કોઈ આ વ્યાધિ મટાડશે તેને મારી પુત્રી કલમસુંદરી અને રાજ્યમાંથી એક દેશ આપવામાં આવશે. આ અવસરે એક બ્રહ્મવૈશ્રવણ નામનો વૈદ્ય આવ્યો છે, તે પરોપકારદૃષ્ટિથી લોકોની દવા કરતો અને અસાધ્ય રોગને મટાડતો હતો. આ વાત નગરમાં પ્રસિદ્ધિ પામી ને રાજા પાસે પહોંચી. રાજા તે વૈદ્યને બોલાવે છે. બ્રહ્મવૈશ્રવણ રાજપુત્રની દવા કરે છે. વ્યાધિ મટી જાય છે. એટલે રાજા પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે વૈદ્યને રાજપુત્રી આપવા તૈયાર થાય છે. રાજા બ્રહ્મ-વૈશ્રવણને કહે છે, "મારી પુત્રીનું પાણિગ્રહણ કરો; કારણ કે મારા પુત્રને સજ્જ કરનારને મારી પુત્રી આપવી એવી મેં પ્રતિજ્ઞા કરેલી છે." આ સાંભળીને વૈદ્ય કહે છે, "મારે ઘરમાં રસોઈ કરનારી બ્રાહ્મણી છે. તે સાથે મારા જેવા સામાન્ય માણસોને વધારે પ્રિયાઓ કરવી યોગ્ય નથી. તેમ બે પત્નીના પતિ મદનની કથા સાંભળીને કોણ મૂર્ખ બે પત્નીઓ કરે ?" એટલે રાજાએ પૂછયું : "તે મદન કોણ છે ?" બ્રહ્મવૈશ્રવણ કહે છે, "સંસારમાં સુખ મુખ્યતાએ સ્ત્રીથી લાવી શકાય છે, પરંતુ પ્રાયઃ કરીને સ્ત્રી કુટિલ, ક્રૂર તથા પરિણામે અતિ દુઃખદાયી હોય છે. આ બાબતમાં મદન ને ધનદેવનું દૃષ્ટાંત કહું છું તે સાવધાન થઈને સાંભળો." એમ કહીને વૈદ્ય મદન અને ધનદેવનું દૃષ્ટાંત કહે છે (જે રાસમાં ગૂંથવામાં આવ્યું છે). આ કથાનક નવમા સર્ગમાં પૂરું થતાં મુનિસુંદરસૂરિ પોતે કહે છે, "આ ચરિત્ર પ્રાકૃત સુમતિનાથ ચરિત્ર ઉપરથી મેં રચ્યું છે."

આથી એક વાત નક્કી થઈ કે આ ચરિત્રનું મૂળ પ્રાકૃતભાષામય સુમતિનાથના ચરિત્રમાં છે. સુમતિનાથચરિત્રના કર્તા ૧૨મી સદીમાં થયેલા છે. જેમણે કુમારપાળ-પ્રતિબોધ ને સિંદૂરપ્રકરની રચના કરી છે, તે સોમપ્રભાચાર્યે આ ચરિત્ર બનાવ્યું છે. તેમાં કથાનક આ રીતે આવે છે : આચાર્ય મહારાજ પધાર્યા છે, ત્યાં બધા દેશના સાંભળવા જાય છે. દેશના પૂરી થતાં એક વિદ્યાધર કહે છે, "આપનાં દર્શન કરતાં મને ઘણો હર્ષ થાય છે. માટે મારે ને તમારે પૂર્વનો કોઈ સંબંધ હોવો જોઈએ." તે વખતે આચાર્ય-શ્રી પોતાનો ને આ વિદ્યાધરનો પૂર્વનો ભવ કહે છે, કે આપણે બે પૂર્વભવમાં મદન–ધનદેવ હતા. એમ કહીને આખી કથા કહેવામાં આવી છે. આ રાસનો આધાર સુમતિનાથ-ચરિત્ર છે.

અમદાવાદમાં ડોશીવાડાની પોળમાં ગોસાઈજીની પોળમાં સીમંધરનો ખાંચો તે ભાભા પાર્શ્વનાથનો ખાંચો, ત્યાં રહીને આ રાસની રચના કરી છે. રાસમાં અંતે કહે છે–

સીમંધર સ્વામી તથા રે તિમ વળી ભાભા પાસ;
સાનિધે સંપૂરણ થયો રે મદન-ધનદેવ-રાસ.

પ્રતિ-પરિચય

પ્રસ્તુત રાસના સંપાદન-કાર્યમાં જામનગર વીસા શ્રીમાળી જૈન ઉપાશ્રયના જ્ઞાન-ભંડારની પ્રતિનો ઉપયોગ કર્યો છે. આ પ્રતિ કાગળ ઉપર લખાયેલી છે. તેની લંબાઈ–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહોળાઈ ૯ાા × ૪ાા ઇંચની છે. આ રાસની બીજી પ્રતિઓ અમદાવાદ, પાટણ, વડોદરા, પાલનપુર, ખેડા આદિ જ્ઞાનભંડારમાં છે, તે મારા ધ્યાનમાં છે. પરંતુ જામનગરમાંથી મળેલી પ્રતિ કર્તાના પોતાના હસ્તાક્ષરમાં લખાયેલ છે એથી તેને મુખ્ય સ્થાન આપીને આ રાસનું સંપાદન મેં કર્યું છે. જે ભંડારમાંથી આ પ્રતિ મેળવી છે તે ભંડારના સૂચી-પત્રમાં આ પ્રતિની માહિતી આ પ્રમાણે છે :—

"મદન-ધનદેવ-રાસ, ગૂ. પોથી ૯૪ નં. ૬૩૬, પત્ર ૧૬, કર્તા શ્રી પદ્મવિજયજી, રાસગાથા ૪૫૯, લેખન-કાલ ૧૯મું શતક, રચના-સંવત ૧૮૭૫, લખ્યા-સંવત ૧૮૭૫, કારણ કે કર્તાના પોતાના હસ્તાક્ષરથી લખાયેલી પ્રતિ છે.

રાસનો કથાસાર

રાસની રચનાનો હેતુ વિશેષતઃ સંસારની અસારતા બતાવીને ધર્મબોધ આપીને માનવીને ધર્માભિમુખ બનાવવાનો છે. આ રાસમાં મદન અને ધનદેવની કથા દ્વારા કવિ સંસારની વિષમતા બતાવવા માગે છે. તેમાં પણ સંસારમાં બે પત્ની કે વધારે પત્ની હોય એવા નાયકની કેવી વિષમ સ્થિતિ થાય છે, તે આ કૃતિમાં બતાવ્યું છે. તે સાથે સ્ત્રીચરિત્ર કેવું હોય છે, તે પણ બતાવ્યું છે.

આ રાસમાં ૧૯ ઢાળો છે. એનો ઢાળવાર કથાસાર નીચે આપવામાં આવે છેઃ—

પહેલી ઢાળ—કુશસ્થળ નામના નગરમાં મદન નામનો શ્રેષ્ઠી હતો. તેને નામથી અને ગુણથી ચંડા અને પ્રચંડા નામની બે સ્ત્રીઓ હતી. મદન શેઠ બન્ને પર સરખો પ્રેમ રાખતો હતો; પરંતુ બન્ને નહીં જેવા કારણે કલહ કરતી હતી. તેથી મદન શેઠે પ્રચંડાને નજીકના બીજા ગામમાં રાખી અને એક એક દિવસનો નિયમ કરીને મદન શેઠ એક એકને ઘેર જવા-આવવા લાગ્યો. એક વખત મદન શેઠ પ્રચંડાને ઘેર એક દિવસ વધારે રહ્યો; ત્યાર પછી ચંડાને ઘેર ગયો. ચંડા ખૂબ કોપાયમાન થઈ; એણે તેની સન્મુખ સાંબેલું ફેંક્યું. તેનો પ્રકોપ જોઈ મદન ત્યાંથી નાઠો. કેટલેક દૂર જઈ પાછું જોયું, તો મુશળના બદલે ભયંકર સર્પ આવતો જોઈને એ ગભરાઈ ગયો ને દોડતો દોડતો પ્રચંડાના ઘેર ગયો. પ્રચંડાએ પૂછયું : "પ્રિય! તું કેમ આટલો બધો વ્યાકુળ થયો છે?" ત્યારે તેણે ચંડાનો વૃત્તાંત કહ્યો. તે સાંભળી પ્રચંડા બોલી : "મનમાંથી ભય દૂર કર અને સ્વસ્થ થા. હમણાં તેનો ઉપાય કરું છું."

બીજી ઢાળ—પેલો ભયંકર સર્પ તેણીના ઘરના આંગણામાં આવ્યો. તેને જોઈને તેણીએ પોતાના શરીરના મેલની ગોળીઓ કરીને તે સર્પની સામે ફેંકી. એ ગોળીઓના નોળિયા થઈ ગયા અને એમણે સર્પના કકડેકકડા કરી નાખ્યા. આ જોઈને મદન શેઠ વિચાર કરવા લાગ્યો : ચંડાના કોપથી બચવા હુ આ પ્રચંડાને શરણે આવ્યો. પરંતુ આ પ્રચંડા પણ કોપ કરે તો મારે કોનું શરણ લેવું? માટે આ બન્ને સ્ત્રીનો ત્યાગ કરીને પરદેશ ચાલ્યો જાઉં. આ પ્રમાણે વિચારી મદન શેઠ એક દિવસ પુષ્કળ ધન લઈને દેશાંતર ચાલ્યો ગયો. કેટલાક દિવસે તે સ્વર્ગસમાન સંકાશ નગરીના ઉદ્યાનમાં વિશ્રાંતિ લેવા માટે બેઠો. તે વખતે ત્યાં આવેલા ભાનુદત્ત શ્રેષ્ઠીએ એને કહ્યું : "મદન, તું ભલે આવ્યો. ચાલ મારા ઘેર." મદન એમના ઘેર ગયો. ભાનુદત્તે સ્નાન, ભોજન વગેરે કરાવી પોતાની પુત્રીને આગળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીને કહ્યું : " મદન શેઠ ! તમે આ મારી પુત્રીનું પાણિગ્રહણ કરો." રતિથી અધિક રૂપવતી તે કન્યાને જોઈને તેણે શ્રેષ્ઠીને કહ્યું : " મારું કુળ–શીલ જાણ્યા વિના મને તમારી પુત્રી કેમ આપો છો ? " શેઠ કહે : " મારે ચાર પુત્રો અને વિદ્યુલ્લતા નામની આ એક પુત્રી છે. પુત્રી ઉંમરલાયક અને બધી કળાઓમાં નિપુણ થઈ એટલે એ કોને પરણાવવી એની મને ચિંતા થવા લાગી. મને ગઈ રાત્રે કુળદેવીએ આવીને કહ્યું: ' વત્સ ! શા માટે ચિંતા કરે છે? પ્રાતઃકાળે આ નગરના ઉદ્યાનમાં તારી કન્યાને યોગ્ય મદન નામનો પુરુષ આવી પહોંચશે, તેને તારી કન્યા પરણાવજે અને તારા ઘરમાં રાખજે.' તેના આદેશથી જ આ પુત્રી હું તમને આપું છું. "

ત્રીજી ઢાળ—મદન વિદ્યુલ્લતાને પરણે છે, અને ભાનુદત્તે આપેલ ઘરમાં રહીને વિદ્યુલ્લતા સાથે ભોગ ભોગવે છે. આ પ્રમાણે કેટલોક સમય સુખમાં નિર્ગમન થયો. તેવામાં વિયોગી સ્ત્રીઓને માટે યમરાજ સમાન વર્ષાકાળ આવ્યો. અહીં કવિ વર્ષાઋતુનું બહુ સરસ–સુંદર વર્ણન કરે છે. તે વખતે એક વિયોગી સ્ત્રી પતિનું સ્મરણ કરી રુદન કરતી હતી. તે રુદન ગોખમાં બેઠેલા મદને સાંભળ્યું તેથી તેને વિચાર આવે છે કે—

ચોથી ઢાળ—' જેમ આ સ્ત્રી પતિના વિયોગથી કામદેવ વડે પીડા પામીને રુવે છે તેમ મારા વિરહથી મારી બન્ને પત્નીઓ પણ મને યાદ કરીને દુઃખી થતી હશે. તો એમની પાસે જઈને એમને આશ્વાસન આપું.' પછી મદન શેઠ આંસુ સારવા લાગ્યો. વિદ્યુલ્લતાએ એ જોયું અને પૂછ્યું: " હે પ્રિય ! અત્યારે અકસ્માત્ તમને રુદન કેમ આવ્યું ? " ત્યારે મદને પોતાની બે પત્નીઓની હકીકત કહી સંભળાવી. એ સાંભળીને તેણીએ કહ્યું : " તો તમે ત્યાં જઈને તેમને કેમ આશ્વાસન આપતા નથી ? " મદને કહ્યું : " હે પ્રિયે ! તું રજા આપે તો ત્યાં જઈ આવું." તે સાંભળી એને ઈર્ષ્યા થઈ આવી, છતાં બાહ્ય શાંતિ રાખીને તે બોલી : " હે પ્રિય ! હમણાં વર્ષાઋતુ હોવાથી રસ્તો કાદવ–કીચડથી વિષમ થઈ ગયો છે; માટે શરદ ઋતુ આવે ત્યારે જવું યોગ્ય છે. પછી મદને અવસર જોઈને વિદ્યુલ્લતા પાસે જવાની રજા માગી. તેણીએ તરત જ સંમતિ આપી, અને કરંબાનું ભાતું પણ આપ્યું. મદન કુશસ્થલ દેશ તરફ ચાલ્યો. મધ્યાહ્ન સમયે તે એક સરોવરના કાંઠે વિશ્રામ કરીને બેઠો. પછી દેવગુરુનું સ્મરણ કરી ભોજન કરવાની ઇચ્છા થતાં તેને વિચાર આવ્યો કે કોઈ અતિથિને આપીને પછી હું જમું. તેવામાં એક જટાધારી તાપસને જોઈ તેણે તેને શ્રદ્ધાપૂર્વક કરંબો આપ્યો. ભૂખ્યો તાપસ ત્યાં બેસીને ખાવા લાગ્યો. મદન ખાવા જાય છે ત્યાં છીંક થઈ. અપશુકન થયા જાણી, મદને ખાવામાં વિલંબ કર્યો; તેવામાં કરંબાના પ્રભાવથી તાપસ ઘેટો બની ગયો.

પાંચમી ઢાળ—ઘેટો બેંબેં કરતો સંકાશ નગર તરફ ચાલ્યો. તે જોઈને મદને વિચાર્યું કે જો મેં કરંબો ખાધો હોત તો હું પણ ઘેટો થઈ જાત. એ ઘેટો ક્યાં જાય છે તે જાણવા માટે તે તેની પાછળ ચાલ્યો. બન્ને જણ સંકાશ નગરમાં પહોંચ્યા. ઘેટો વિદ્યુલ્લતાના ઘરમાં પેઠો. મદન એક બાજુ સંતાઈને ઊભો રહ્યો. વિદ્યુલ્લતા બારણાં બંધ કરીને ક્રોધથી ઘેટાને મારવા લાગી, અને બોલી : " અરે દુષ્ટ, નિરપરાધી એવી મને મૂકીને અપરાધી એવી બે પ્રિયાઓની સાથે રમવા માટે ઇચ્છે છે ? શું મારી પાસે મુશળ નથી ? પરંતુ ભરતારના પ્રાણનો નાશ કેમ કરું ?–એવા વિચારથી હું તને મુશળથી હણતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંડાના મુશળથી ભય પામીને તું પ્રચંડાને શરણે ગયો, પણ અત્યારે મારાથી હણાતો તું કોને શરણે જઈ શકે તેમ છે ?" આમ કહીને તે ઘેટાને વારંવાર મારવા લાગી. ઘેટાના પોકારથી લોકો એકઠા થઈ ગયા અને બોલ્યા, "રે નિર્દય ! આ પશુને શા માટે મારે છે ?" ત્યાર પછી તેણીએ મંત્રેલું પાણી ઘેટા પર છાંટયું. એટલે તરત ઘેટો જટાધારી તાપસ થઈ ગયો. તે જોઈ માણસોએ તાપસને પૂછયું, "હે પૂજ્ય ! આ શું ?" ત્યારે તેણે પોતાનો વૃત્તાંત કહ્યો. તે સાંભળી લોકો આશ્ચર્ય પામ્યા. ભય પામેલો તાપસ ત્યાંથી નાસી ગયો. વિદ્યુલ્લતા વિચાર કરે છે કે મને ધિક્કાર છે કે મેં નિરપરાધી તાપસને માર્યો ! લોકમાં મારી નિંદા થઈ અને પતિનો વિયોગ થયો. મદન વિચારવા લાગ્યો કે સ્ત્રીઓનાં ચરિત્ર જાણવા યોગીઓ પણ સમર્થ નથી. તેથી ચંડા, પ્રચંડા ને વિદ્યુલ્લતા–એ ત્રણેને તજીને હવે હું આત્મહિત કરીશ. આ પ્રમાણે વિચારી મદન શેઠ હસંતી નગરીએ પહોંચ્યો.

છઠ્ઠી ઢાળ—ત્યાં ઉદ્યાનમાં તેણે આદિજિણંદનું ચૈત્ય જોયું. ભગવાનની સ્તુતિ કરીને તે રંગમંડપમાં બેઠો. તે વખતે સુંદર વેષવાળો એક યુવાન તેની પાસે આવીને બેઠો. તેને દુઃખી જોઈને મદને પૂછયું : "હે મિત્ર ! તું કોણ છે અને શા માટે નિઃશ્વાસ મૂકે છે ?" તે બોલ્યો : "મારું દુઃખ પછી કહીશ. પહેલાં તમે કોણ છો તે કહો." ત્યારે લજ્જા સાથે મદન શેઠે પોતાનો સર્વ વૃત્તાંત કહ્યો. તે સાંભળી ધનદેવ નામનો તે યુવાન બોલ્યો : "તમારા દુઃખ કરતાં મારું દુઃખ અલ્પ છે." મદને કહ્યું, "તમારો વૃત્તાંત કહો." એટલે ધનદેવ આ પ્રમાણે કહેવા લાગ્યો :–

સાતમી ઢાળ—"આ નગરીમાં ધનપતિ નામે શ્રેષ્ઠી હતો. તેને લક્ષ્મી નામની ભાર્યા હતી. તેમને બે પુત્રો હતા : પ્રથમ ધનસાર, બીજો ધનદેવ. બન્નેને સર્વ કળા ભણાવી બે કન્યાઓ પરણાવી. તેમનો કેટલોક કાળ આનંદમાં વ્યતીત થયો. તેમનાં માતાપિતા જૈનધર્મનું આરાધન કરી સ્વર્ગે ગયાં. બન્ને ભાઈઓ પરસ્પર સ્નેહથી રહેતા, પરંતુ સ્ત્રીઓ કલહ કરતી હતી. તેથી ધનાદિક વસ્તુઓ વહેંચીને તેઓ જુદા રહેવા લાગ્યા. નાનાભાઈને ઉદ્વેગ પામેલો જોઈને મોટા ભાઈએ ઉદ્વેગનું કારણ પૂછયું, ત્યારે નાનાભાઈએ પોતાની સ્ત્રી તરફ અસંતોષ બતાવ્યો, તેથી મોટાભાઈએ રૂપગુણયુક્ત એવી બીજી કન્યા શોધી તેની સાથે ધનદેવને પરણાવ્યો.

આઠમી ઢાળ—નવી સ્ત્રી સાથે ધનદેવ ભોગ ભોગવવા લાગ્યો, પરંતુ દુર્ભાગ્યે તે પણ સ્વેચ્છાચારી નીકળી. એક દિવસ બન્ને સ્ત્રીઓનું ચરિત્ર જાણવાની ઇચ્છાથી ધનદેવે કહ્યું : "મને આજે જ્વર આવ્યો છે." અને પછી તે સૂઈ ગયો, નાસિકાના ઘોર શબ્દ બોલાવવા લાગ્યો. તેને નિદ્રાવશ થયેલો જાણી મોટી સ્ત્રીએ નાનીને કહ્યું : "બહેન, ઝટ બધી સામગ્રી તૈયાર કર." પછી બન્ને જણી એક આમ્રવૃક્ષ પર ચઢી. તે વખતે ધનદેવ પણ ગુપ્ત રીતે આમ્રવૃક્ષના કોટરમાં બેસી ગયો. પછી તે સ્ત્રીઓએ મંત્રજાપ કર્યો, એટલે એ આંબો આકાશમાં ઊડીને રત્નદ્વીપના રત્નપુર નગરમાં ગયો. બન્ને જણી નગરમાં ઇચ્છા પ્રમાણે આશ્ચર્યો જોવા લાગી. ધનદેવ પણ તેમની પાછળ ગયો, અને તેમનું આવું ચરિત્ર જોઈને આશ્ચર્ય પામ્યો.

નવમી ઢાળ—તે નગરમાં શ્રીપુંજ નામનો શ્રેષ્ઠી હતો. તેને ચાર પુત્રો ઉપર એક શ્રીમતી નામની પુત્રી હતી. તેનો અત્યારે લગ્નોત્સવ ચાલતો હતો. તેને પરણવા માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસુદત્ત સાર્થવાહનો પુત્ર અશ્વ પર આરૂઢ થઈને તોરણે આવ્યો; પણ લોકોના ધક્કાથી તોરણનો થંભ પડી ગયો અને તેનો અગ્રભાગ વરરાજાના મસ્તક પર વાગવાથી તે તરત મૃત્યુ પામ્યો. આ વખતે શ્રીપુંજ શ્રેષ્ઠી વિચાર કરે છે કે કન્યાને અત્યારે જ નહિ પરણાવીએ તો લોકમાં તેણીનું દુર્ભાગ્ય પ્રસિદ્ધ થશે. માટે કોઈ યુવાન વર મળી જાય તો તેની સાથે આ પુત્રીને તત્કાળ પરણાવી દઈએ. અને શ્રેષ્ઠીએ વરને શોધી લાવવા માણસો મોકલ્યા. તેઓ કામદેવ જેવા ધનદેવને શ્રેષ્ઠી પાસે લઈ આવ્યા. યુવાન પુત્રીને યોગ્ય છે એમ જાણી શ્રેષ્ઠીએ પ્રાર્થનાપૂર્વક હર્ષથી તે યુવાન સાથે પુત્રીને પરણાવવાનું નક્કી કર્યું.

દશમી ઢાળ—તે વખતે ધનદેવે વિચાર કર્યો કે આવી સુંદર સ્વયંવરાનો શા માટે ત્યાગ કરું? પછી લગ્નક્રિયા શરૂ થઈ. આ અવસરે ધનદેવની બન્ને સ્ત્રીઓ ત્યાં આવી પહોંચી, અને દેવ-દેવી જેવું વરવહુનું યુગલ જોઈને પ્રશંસા કરવા લાગી. તે વેળા નાની સ્ત્રી બોલી : "બહેન! આ વર આપણા પતિ જેવો દેખાય છે." મોટી બોલી : "સમાન આકૃતિવાળા મનુષ્યો ઘણા હોય છે. આપણો પતિ તો શીત જ્વરથી પીડાતો ઘેર સૂતો છે, જેથી તું જરા પણ ચિંતા ના કરીશ." પછી ધનદેવ કોઈ બહાનું કાઢી નગર બહાર આવી આંબાના કોટરમાં ભરાઈ ગયો. પેલી બે સ્ત્રીઓ પણ ત્યાં આવી. એમણે મંત્ર ભણ્યો અને આંબો આકાશમાં ઊડીને પોતાના ઘરના આંગણે આવી ગયો. ધનદેવ તેમાંથી નીકળીને ઘરમાં જઈને ઓઢીને સૂઈ ગયો. બન્ને સ્ત્રીઓ એને સૂતેલો જોઈ શંકા વિના સૂઈ ગઈ. સવારે ઘરકામ કરતાં નાનીએ ધનદેવના હાથે કંકણ બાંધેલું જોઈને મોટીને તે વાત કહી. મોટીએ કહ્યું : "તું ચિંતા ન કરીશ. હમણાં જ હું એનો ઇલાજ કરું છું."

અગિયારમી ઢાળ—પછી મોટી સ્ત્રીએ કંદોરાને મંત્રીને સાત ગાંઠ વાળીને ધનદેવના પગે બાંધી દીધો; એટલે તરત એ પોપટ થઈ ગયો. તે વિચાર કરે છે, 'મનુષ્યભવ હારી ગયો, અને પક્ષી થયો; હવે હું શું કરું?' આ વિચારથી દુઃખી થયેલો પોપટ ઊડવા લાગ્યો. તે વખતે મોટી સ્ત્રી એને પકડીને બોલી : "રે મૂર્ખ! ટાઢિયો તાવ આવ્યાનું બહાનું કરી તેં અમારું ચરિત્ર જોયું છે, તો હવે કપટનું ફળ ભોગવ!" પછી એણે પોપટને પાંજરે પૂરી દીધો. નાની સ્ત્રી મોટી સ્ત્રીની આવડતની પ્રશંસા કરવા લાગી. પોપટ પોતાના ઘરને તથા પરિવારને જોઈ શોક કરવા લાગ્યો. પછી તે સ્ત્રીઓ જે વખતે વઘારના છમકારા આપતી હતી તે વખતે પોપટને કહેવા લાગી : "રે દુષ્ટ! અમે તારો વધ કરીને તારા પણ આવા જ છમકારા બોલાવીશું."

બારમી ઢાળ—આ બાજુ રત્નપુરમાં શ્રીમતીનો પતિ ક્યાં ગયો, ક્યાં ગયો તેમ શોધ શરૂ થઈ, પણ તેનો પત્તો લાગ્યો નહિ. સવારે તેણે લખેલો એક શ્લોક શ્રીમતીના જોવામાં આવ્યો. તેમાં લખ્યું હતું કે હસંતીપુરના નિવાસી ધનપતિનો પુત્ર ધનદેવ અહીં આવ્યો હતો, તે પરણીને પાછો ગયો છે. શ્રીમતીએ આ વાત પોતાના પિતાને કહી. પિતાએ તેને કહ્યું : "તારા પતિને શીઘ્ર અહીં બોલાવું છું." પછી એક દિવસ સાગરદત્ત શેઠ ધનોપાર્જન માટે હસંતી નગરી જતો હતો તે વાત જાણીને શ્રીપુંજ શ્રેષ્ઠીએ ધનદેવને માટે રત્નના અલંકાર આપીને સંદેશો કહેવરાવ્યો : "હે ધનદેવ, તારી પત્ની તને બહુ યાદ કરે છે, માટે જલદી આવીને એની સંભાળ લે." સાગરદત્ત સમુદ્ર ઓળંગીને હસંતી નગરીમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યો અને ધનદેવને ઘેર ગયો. ત્યાં એણે ધનદેવને જોયો નહિ, એટલે તેની પત્નીઓને પૂછયું કે ધનદેવ કયાં ગયો છે? એમણે જવાબ આપ્યો કે વ્યાપાર માટે પરદેશ ગયા છે. ત્યારે સાગરદત્તે કહ્યું : "શ્રીપુંજ શેઠે આ અલંકાર મોકલાવ્યા છે ને જમાઈ ધનદેવને શીઘ્ર બોલાવ્યા છે." બન્ને સ્ત્રીઓ બોલી : "અમારા પતિ તે પત્નીને મળવા ઉત્સુક છે. પરંતુ કાર્યવશ દેશાંતર ગયા છે. જતાં કહેતા ગયા છે કે કદાચ રત્નપુરથી અહીં કોઈ આવે તો તેની સાથે મારી પ્રિયાને માટે પોપટ મોકલજો, ને જે આપે તે લઈ લેજો." એમ કહી સાગરદત્તને પાંજરા સહિત પોપટ આપ્યો, અને તેની પાસેથી અલંકારો લઈ લીધા. સાગરદત્ત વ્યાપાર કરીને પોતાના નગર રત્નપુર ગયો ને શ્રીપુંજને ધનદેવના સમાચાર કહીને પોપટ આપ્યો. શેઠે પોતાની પુત્રીને એ પોપટ આપ્યો. તેથી તે સંતોષ પામી અને પોપટને રમાડતી દિવસો વિતાવવા લાગી.

તેરમી ઢાળ—પોપટને રમાડતાં રમાડતાં એણે એક દિવસ પોપટના પગમાં દોરો જોયો; આશ્ચર્ય પામી તે તોડી નાખ્યો. તત્કાળ પોપટના બદલે ધનદેવ પ્રગટ થયો. તે જોઈને તે આશ્ચર્ય પામી. એણે પૂછયું : "આ શું આશ્ચર્ય ?" તે બોલ્યો : "તું જે જુવે છે તે સત્ય છે. વધારે પૂછવાની જરૂર નથી." આ વૃત્તાંત શ્રીમતીએ પોતાના પિતાને કહ્યો. આ સાંભળી બધા આનંદિત થયા. કેટલોક સમય સુખમાં વ્યતીત થયો. શ્રીપુંજ સ્વર્ગે ગયો. પિતાના ઘરમાં ભાઈઓનો સ્નેહ ઓછો જાણીને શ્રીમતીએ પતિને કહ્યું : "તમારા પિતાનું ઘર કેમ બતાવતા નથી ?" ધનદેવ બોલ્યો : "અવસરે બતાવીશ." શ્રીમતીએ ફરી ફરી આગ્રહ કર્યો.

ચૌદમી ઢાળ—ધનદેવ બોલ્યો : "હે પ્રિયા, હજુ સુધી મને છમકારા સાંભરે છે." શ્રીમતી બોલી : "તે છમકારા કેવા ?" એટલે ધનદેવે પોતાનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. શ્રીમતીએ કહ્યું : "તમે શંકા ના રાખશો. હું તેનો પ્રતીકાર કરીશ, માટે પિતાના ઘેર ચાલો. ધનદેવ હસંતી નગરીમાં આવ્યો. તે વખતે ધનદેવને પોપટના બદલે મૂળરૂપમાં જોઈને આશ્ચર્ય પામેલી અને બહારથી હર્ષ બતાવતી તે બન્ને સ્ત્રીઓએ સુખશાતા પૂછીને પતિને ખુશ કર્યો. પછી મોટી સ્ત્રીના કહેવાથી નાની સ્ત્રી પગ ધોવા માટે જળ લઈ આવી અને ભક્તિથી તામ્રપાત્રમાં તેના પગ ધોયા. તે જળ લઈને મોટી સ્ત્રીએ મંત્રીને જમીન પર છાંટયું. એટલે તરત ચારે તરફથી પાણી વધવા લાગ્યું. તે જોઈને ધનદેવે ભય પામીને શ્રીમતી સન્મુખ જોયું. તે બોલી : "ભય ન પામો." વૃદ્ધિ પામતું તે જળ અનુક્રમે ઘૂંટી, ઢીંચણ, સાથળ, નાભિ, કંઠ ને છેવટે નાસિકા સુધી પહોંચ્યું. તે વખતે તેણે ભય પામીને શ્રીમતીને કહ્યું : "પ્રિયા! ડૂબી ગયા પછી શું ?" શ્રીમતીએ "ગભરાશો નહિ" એમ કહીને પોતાના મુખ વડે તે જળનું એવી રીતે પાન કર્યું કે એક બિંદુ પણ બાકી રહ્યું નહિ ! આ ચમત્કાર જોઈને બન્ને સ્ત્રીઓ શ્રીમતીના પગમાં પડી અને બોલી : "તારી વિદ્યાથી અમે હારી ગયા છીએ. તારી માફક અમે પણ પતિની સેવા કરીશું." ત્યાર પછી ત્રણે સ્ત્રીઓ પ્રીતિવાળી થઈને રહેવા લાગી. કારણ કે સરખા સ્વભાવવાળાને પ્રીતિ હોય છે. પણ પછી પ્રથમની બે સ્ત્રીઓની જેમ શ્રીમતી પણ સ્વેચ્છાચારી થઈ ગઈ !

પંદરમી ઢાળ—આથી ધનદેવ વિચાર કરે છે કે આ ત્રણેનો ત્યાગ કરીને હું હવે આત્મહિત કરું. પછી ધનદેવ કંઈક બહાનું કરીને અહીં આવ્યો છે. તે ધનદેવ હું જ છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેં પક્ષીની અવસ્થામાં તથા બીજી રીતે પણ જે દુઃખ ભોગવ્યું છે તે તમારા દુઃખથી વિશેષ છે." મદન કહે, "હવે તો આ સંસાર જ દુઃખમય છે એમ જાણીને આપણે આત્મ-હિત કરવું યોગ્ય છે. આ વખતે ત્યાં વિમળબાહુ નામના ગુરુ પધાર્યા. બન્ને ભક્તિથી ગુરુની પાસે બેઠા. ગુરુએ ધર્મદેશના આપી સંસારનું સ્વરૂપ સમજાવ્યું. દેશના સાંભળીને બન્નેએ એમની પાસે દીક્ષા અંગીકાર કરી. સંવેગ ધારણ કરીને વિહાર કરતા બન્ને વિવિધ પ્રકારનું તપ અને છેવટે અનશન કરીને સૌધર્મ દેવલોકમાં દેવ થયા.

સોળમી ઢાળ—ત્યાંથી મદનનો જીવ વિજયપુરમાં સમરસેન રાજાની વિજયાવતી રાણીથી મણિપ્રભ નામે પુત્રરૂપે ઉત્પન્ન થયો. અનુક્રમે પિતાએ તેને ગાદી પર બેસાર્યો. ચિરકાળ રાજ્યલક્ષ્મી ભોગવી, એક દિવસ કરમાઈ ગયેલા કમળવનને જોઈને પ્રતિબોધ પામી, પોતાના પુત્રને રાજ્ય સોંપી જિનેશ્વરસૂરિ પાસે એ દીક્ષિત થયો. મણિપ્રભ રાજર્ષિ અવધિજ્ઞાન પામ્યા ને આકાશગમનની શક્તિવાળા થયા.

સત્તરમી ઢાળ—ધનદેવનો જીવ વૈતાઢય પર્વતના રથનૂપુરચક્રવાલ નગરમાં મહેન્દ્ર-સિંહ નામે વિદ્યાધર-ચક્રવર્તી થયો. તેને રત્નમાલા નામની પટરાણી હતી. તથા રત્નચૂડ અને મણિચૂડ નામે પુત્રો હતા. એક વખત ચક્રવર્તીની પ્રિયા મહાવ્યાધિથી મરણ પામી. રાજા તેનું રક્ષણ ના કરી શક્યો. તે મોહવશ થઈ વિલાપ કરવા લાગ્યો.

અઢારમી ઢાળ—આ વૃત્તાંત અવધિજ્ઞાનથી જાણી મણિપ્રભ મુનીશ્વર આકાશગામિની લબ્ધિથી અને પૂર્વભવના સ્નેહના વશથી તેના નગરમાં ગયા. ત્યાં ચક્રવર્તી વંદન કરીને તેની સન્મુખ બેઠો. મુનિએ સંસારનું સ્વરૂપ સારી રીતે સમજાવ્યું.

ઓગણીસમી ઢાળ—ત્યાર પછી વિદ્યાધરે મણિપ્રભ મુનિને કહ્યું : "તમારા પર મને બહુ સ્નેહ થાય છે તેનું શું કારણ?" તે વખતે મુનિરાજે ધનદેવ અને મદનનો પૂર્વભવ કહ્યો. પૂર્વભવની સ્ત્રીઓનું ચરિત્ર સાંભળીને વિદ્યાધર પ્રતિબોધ પામ્યો અને પુત્ર રત્નચૂડને રાજ્ય સોંપી પોતે દીક્ષા ગ્રહણ કરી. વિદ્યાધર રાજર્ષિ આગમનો અભ્યાસ કરી ઉગ્ર તપ તપી અનેક લબ્ધિના ભંડાર થયા. અનુક્રમે બન્ને મુનિરાજ શુક્લધ્યાન કરતાં કરતાં કેવળજ્ઞાન પામીને મોક્ષસુખ પામ્યા.

આ પ્રમાણે હે સુજ્ઞ પુરુષો, મદન-ધનદેવની જેમ વિષયસુખને દુઃખરૂપ માની તેનાથી વિરક્ત થઈ ચારિત્ર અંગીકાર કરીને અનુક્રમે મોક્ષસુખ પામો.

મદન-ધનદેવ-રાસ

॥ ૐ હ્રીં અર્હં નમઃ ॥

॥ દુહા ॥

વિહરમાન પ્રભુ રાજતા, વંદુ જિનવર વીસ ।
પદકજ પ્રણમું પાસના, જેહની ચડતી જગીસ ॥ ૧ ॥

ગુણદાયક ગુણસ્યું ભર્યા, પ્રણમું ગુરુના પાય ।
ભમતાં જે ભવસાયરેં, પ્રવહણ સમ પરખાય ॥ ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગમાં બંધન દો કહ્યાં, રાગ તથા વલી દ્વેષ ।
તેહમાં પણિ રાગ જ વડું, જેહથી દુખ અશેષ ॥ ૩ ॥
સુખઇચ્છક સહુ જીવ છે, સુખ નવિ ઓલખે કોય ।
જિહાં આત્મિક સુખ નીપજે, તે શિવમંદિર હોય ॥ ૪ ॥
દુર્બુદ્ધિ સુખભ્રાંતિથી, રમે વિષયમાં લીન ।
ન ગમે સજ્જન પુરુષને, જાસ સુકૃત મતિ પીન ॥ ૫ ॥
તેહ વિષયસાધન અછે, મુખ્યથકી વર નારી ।
તે તો ક્રૂર કુટિલ કહી, સાપિણી પરિં નિરધાર ॥ ૬ ॥
જૂઠી ક્રોધમુખી ઘણું, નિરદયી સાહસવંત ।
કલહકારી કપટી વલી, પાર લહે નહીં સંત ॥ ૭ ॥
કટુક વિપાક પરિણામથી, સુણયો ઇહાં દૃષ્ટાંત ।
મદન તથા ધનદેવનો, વિવરી કહું વૃત્તાંત ॥ ૮ ॥
ચરિત્ર દ્વેષી નારિતણું, વિરમ્યા જેહ મહંત ।
તે સુખીઆ સંસારમાં, તે થાઈ ગુણવંત ॥ ૯ ॥
તે પણિ એ દૃષ્ટાંતથી, જાણો સુગુણનિધાન ।
કિમ આદરી છાંડી વલી, જાણી દુખ નિદાન ॥૧૦॥
કૌતુકો નેં વૈરાગ્યની, વાત ઘણું સુવિનોદ ।
સાંભલતાં સુખ ઉપજે, પૂરણ લહેં પ્રમોદ ॥ ॥૧૧॥

॥ ઢાળ ૧ ॥

॥ માલી કેરા બાગમાં દોય નારિંગ પક્કે રે લો, અહો દોય—એ દેશી ॥

જંબૂદ્વીપ લખ જોયણો, જગતીસ્યું સોહે રે લો,
અહો જગતીસ્યું સોહે રે લો ।
મેરૂ પર્વત મધ્ય ભાગમાં દેષી મન મોહે રે લો,
અહો દેષી મન મોહે રે લો ॥૧૨॥
તેહથી દક્ષિણ દિશ ભલું ષેત્ર ભરત દેદારૂ રે લો,
અહો ષેત્ર ભરત દેદારૂ રે લો ।
બિચમેં નગ વૈતઢ્ય છે રૂપાનો વારૂ રે લો,
અહો રૂપાનો વારૂ રે લો ॥૧૩॥
તેહથી દક્ષિણભરતમાં સોહેં સન્નિવેસ રે લો,
અહો સોહેં સન્નિવેસ રે લો,
નામ કુસસ્થલ જાણિઇં બહુ પુણ્ય પ્રવેશ રે લો ।
અહો બહુ પુણ્ય પ્રવેશ રે લો ॥૧૪॥
તિહાં કુલપુત્ર સોહામણો રૂપેં જિસ્યો કામ રે લો,
અહો રૂપેં જિસ્યો કામ રે લો ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મદન નામેં પરસિદ્ધ જે લષમીનો ધામ રે લો,
અહો લષમીનો ધામ રે લો ॥૧૫॥
કિહાંઈ થકી બાલકાલથી વિદ્યા બહુ પામ્યો રે લો,
અહો વિદ્યા બહુ પામ્યો રે લો ।
સરલ સોભાગી સુંદરૂ પુણ્ય અતિશય પામ્યો રે લો,
અહો પુણ્ય અતિશય પામ્યો રે લો ॥૧૬॥
નારી દોય સોહામણી જાણિઇં રતિ પ્રીતિ રે લો,
અહો જાણિઇં રતિ પ્રીતિ રે લો ।
ચંડા પ્રચંડા નામથી તિમ ગુણથી પ્રતીત રે લો,
અહો તિમ ગુણથી પ્રતીત રે લો ॥૧૭॥
પ્રેમ ઘણો બિહું ઉપરિં તેહનેં પણિ પ્રેમ રે લો,
અહો તેહનેં પણિ પ્રેમ રે લો ।
પણિ બિહું સોકિ કલહ કરેં સોકિ ધર્મ એ નેમ રે લો
અહો સોકિ ધર્મ એ નેમ રે લો ॥૧૮॥

યત:—

॥ દુહો ॥

સોકિ વેધ અતિ આકારા, જેહવા તીષાં તીર ।
ભાલા શૂલ તણી પરિં, પરિ પરિ દાષેં પીર ॥૧૯॥

॥ પૂર્વ ઢાલ ॥

મદન વારેં પણિ નવિ રહેં, કોપ નેં અભિમાન રે લો,
અહો કોપ નેં અભિમાન રે લો ।
રાષી પ્રચંડા નારિનેં, પાસેં ગામનેં થાન રે લો,
અહો પાસેં ગામનેં થાન રે લો ॥૨૦॥
એક એક દિનના નિયમથી, રહેં મદન તે વારે રે લો,
અહો રહેં મદન તે વારે રે લો ।
મદન તે નિયમ ચૂકેં નહીં, ઇમ કરતાં કિવારેં રે લો,
અહો ઇમ કરતાં કિવારેં રે લો ॥૨૧॥
કારણુ કોઈક પામીનેં, પરચંડા ગેહ રે લો,
અહો પરચંડા ગેહ રે લો ।
એક દિન અધિકો તિહાં રહ્યો, ધરી તાસ સનેહ રે લો,
અહો ધરી તાસ સનેહ રે લો ॥૨૨॥
આવ્યો ચંડાનેં ઘરેં, કણ ખાંડતી તેહ રે લો,
અહો કણ ખાંડતી તેહ રે લો ।
આવતો દીઠો નિજ પતિ, ક્રોધઇં ભરી દેહ રે લો,
અહો ક્રોધઇં ભરી દેહ રે લો ॥૨૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુંસલૂં નાખ્યું સનમુખે, મુખિં ઈણિ પરિં ભાસ રે લો,
અહો મુખિં ઈણિ પરિં ભાસ રે લો ।
રે રે દુષ્ટ અભાગીયા, તુઝ નહીં ઈહા વાસ રે લો,
અહો તુઝ નહીં ઈહા વાસ રે લો ॥૨૪॥
દુષ્ટ પ્રચંડા તુઝનેં, ઘણું પ્રાણ આધાર રે લો,
અહો ઘણું પ્રાણ આધાર રે લો ।
જા તેહનેં ઘરિ સુખથકી, રહેંજે ધરી પ્યાર રે લો,
અહો રહેંજે ધરી પ્યાર રે લો ॥૨૫॥
તે દ્વેષી બીહનો અતિ, નાઠો તિણી વેલા રે લો,
અહો નાઠો તિણી વેલા રે લો ।
થોડી ભૂમિકા જઈ કરી, પૂંઠિં જૂઈ હેલા રે લો,
અહો પૂંઠિં જૂઈ હેલા રે લો ॥૨૬॥
સર્પ્પ ભયંકર દ્વેષીઓ, ફણાટોપ વિશાલ રે લો,
અહો ફણાટોપ વિશાલ રે લો ।
થૂલ મુંશલ સમ આવતો, જાણિઇં મહાકાલ રે લો,
અહો જાણિઇં મહાકાલ રે લો ॥૨૭॥
નાઠો સવિશેષેં વલી, પરંચડા પાસ રે લો,
અહો પરંચડા પાસ રે લો ।
દીઠો તિણીઇં આવતો, નવિ માઇ સાસ રે લો,
અહો નવિ માઈ સાસ રે લો ॥૨૮॥
પૂછેં કિમ ભયભ્રાંત તું, આવ્યો તતકાલ રે લો,
અહો આવ્યો તતકાલ રે લો ।
મદન કહેં ચંડા ચરી, પૂંઠે તું ભાલિ રે લો,
અહો પૂંઠે તું ભાલિ રે લો ॥૨૯॥
સાંભલિ પરચંડા કહેં મત ભય મન આણિ રે લો,
અહો મત ભય મન આણિ રે લો ।
તું મુઝ પ્રાણથી વાલહ્યો, હું કરસ્યું ત્રાણ રે લો,
અહો હું કરસ્યું ત્રાણ રે લો ॥૩૦॥
ધીરો થા કાંઇ ભય નથી, એહનો સ્યો ભાર રે લો,
અહો એહનો સ્યો ભાર રે લો ।
ઈંમ કરી આસ્વાસ્યો તિણેં, નારિચરિત્ર અપાર રે લો,
અહો નારિચરિત્ર અપાર રે લો ॥૩૧॥
ધન ધન તે મુનિરાજનેં, દૂરિ છંડી નારિ રે લો,
અહો દૂરિ છંડી નારિ રે લો ।
પહેંલી ઢાલ 'પદ્મ' કહે, સુણતાં જયકાર રે લો,
અહો સુણતાં જયકાર રે લોલ ॥૩૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

પરચંડા દીઠો પ્રબલ, ભુજંગમ ભયકાર ।
આંગણા આગલિ આવીઓ, કીનાશનેં અનુકાર ॥૧॥
ક્રોધેં તે દ્વેષી કરી, તનુ ઉદ્વર્તન તામ ।
કરી મલપિંડની ગોલિકા, નાંષેં સનમુખ જામ ॥૨॥
નકુલ થયા તે તતષિણેં, નાગ કર્યોં નવ ખંડ ।
ચમક્યો મદન તે ચિંત્તમાં, ચંડાથી આ પ્રચંડ ॥૩॥
જોતાં જોતાં નોલિઆ, સર્વ થયા વિસરાલ ।
નાના રસ વેદેં મનેં, ચિંતે મદન રસાલ ॥૪॥
અહો ! ચંડાના કોપથી, આવ્યો પ્રચંડા પાસ ।
શરણ થઈ એ મુઝનેં, રાખ્યો દેઇ આસ્વાસ ॥૫॥
પણિ જો દૈવયોગેં કરી, કોપેં પ્રચંડા એહ ।
તો કોંણ શરણ હવેં તદા, જાઉં કેહનેં ગેહ ॥૬॥
વાહલો પણિ કોપેં નહીં, એહવો દુર્લભ કોય ।
તો નારિ નેં કુભારયા, નવિ કોપેં કિમ હોય ॥૭॥
એ રાક્ષસણી દોય જણી, છાંડી જાઉં પરદેશ ।
આપ કુશલનેં કારણેં, ત્યજીઇં રાજ્ય ને દેશ ॥૮॥

યતઃ—

त्यजेदेकं कुलस्यार्थे, ग्रामस्यार्थे कुलं त्यजेत् ।
ग्रामं जनपदस्यार्थे, आत्मार्थे पृथिवीं त्यजेत् ॥ १ ॥

॥ ઢાળ ૨ ॥

॥ પુણ્ય પ્રગટ થયો એ—દેશી ॥

ઇમ ચિંતવીનેં નીકલ્યો રે સુહૃજન, સાથેં બહુ ધન લેય, પુણ્ય પ્રગટ થયો ।
મદન ભમેં દેશાંતરે રે સુ૦ સ્વેચ્છાઇં ગત ખેય પુણ્ય૦ ॥૯॥
કેઇક વાસર વહી ગયા રે સુ૦ પૃથિવી જોતાં તાસ પુ૦ ।
ભમતો ભમતો આવીઓ રે સુ૦ નગર નામ સંકાશ પુ૦ ॥૧૦॥
જીતેં નિજ લષખી થકી રે સું૦ સુરપુરી લંકાં વાસ પુ૦ ।
તેહ નયર ઉદ્યાનમાં રે સુ૦ બેઠો અશોક સકાશ પુ૦ ॥૧૧॥
છણિ અવસર એક આવીઓ રે સુ૦ ભાનુદત્ત ઇણ નામ પુ૦ ।
સેઠમાંહિ શિરોમણિ રે સુ૦ બોલે તે હવેં આમ પુ૦ ॥૧૨॥
મદન સુખેં તું આવીઓ રે સુ૦ કુશલ અછેં સુખશાત પુ૦ ।
ચાલો નિજ ઘરિ જાઈઇં રે સુ૦ માનો અમચી વાત પુ૦ ॥૧૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામ સુણી ચિત્ત ચમકીઓ રે સુ૦ સ્યું જાણે મુઝ નામ પુ૦ ।
ચાલ્યો નગરમાં તેહસ્યું રે સુ૦ પોહતો તેહને ધામ પુ૦ ॥૧૪॥

સેઠ કરાવેં તેહને રે સુ૦ સ્નાન ભોજન ભલી ભાંતિ પુ૦ ।
ગૌરવ આદર બહુ કરી રે સુ૦ ભાષે ઇંમ એકાંતિ પુ૦ ॥૧૫॥

કુમરી નિજ આગલિ કરી રે સુ૦ કહે પરણો મહાભાગ પુ૦ ।
મદન દેષી તે નારિને રે સુ૦ ભાલ અરધચંદ્ર ભાગ પુ૦ ॥૧૬॥

ચતુરા ચંપકવાનસ્યું રે સુ૦ બોલે અમૃત વાણિ પુ૦ ।
પક્વ બિંબોષ્ટી કામિની રે સુ૦ નયન કમલદલ જાણિ પુ૦ ॥૧૭॥

રૂપે રતિને હરાવતી રે સુ૦ વદન તે ચંદ્રસમાન પુ૦ ।
નહિ તિલોત્તમા એહવી રે સુ૦ બોલ્યો મદન સુજાણ પુ૦ ॥૧૮॥

કિમ જાણો મુઝ નામને રે સુ૦ નવિ જાણો કુલશીલ પુ૦ ।
કિમ ગૌરવ કરો એવડો રે સુ૦ વલી કન્યા દિઓ લીલ પુ૦ ॥૧૯॥

સેઠ કહે સુણિ સાહિબા રે સુ૦ માહરે પુત્ર છે ચ્યાર પુ૦ ।
તે ઉપરિ એક ઇચ્છતાં રે સુ૦ પુત્રી હુઈ મનોહાર પુ૦ ॥૨૦॥

પ્રાણથકી મુઝ વાલહી રે સુ૦ વિદ્યુતલતા ઇણ નામ પુ૦ ।
પાઠવી સકલ કલા વલી રે સુ૦ આવી યૌવન જામ પુ૦ ॥૨૧॥

તે દેષી મ્હેં ચિંતવ્યું રે સુ૦ વર યોગ્યા થઈ એહ પુ૦ ।
દેવી કોઈ વરને હવે રે સુ૦ લોકરીતિ ધરી નેહ પુ૦ ॥૨૨॥

વલીઅ વિયોગ ન સહી સકું રે સુ૦ એહનો ક્ષણ એક માત પુ૦ ।
ઇંમ ચિંતાતુર હું થયો રે સુ૦ નવિ નિદ્રા આયાત પુ૦ ॥૨૩॥

ભૂષ તરસ સવિ ઉપશમી રે સુ૦ છાંડયો સકલ વ્યાપાર પુ૦ ।
શૂન્ય મનેં વરતુ સદા રે સુ૦ સૂતો રાતિ મઝારિ પુ૦ ॥૨૪॥

મધ્યરાતિં કુલદેવતા રે સુ૦ આવી ભાષે ઇંમ પુ૦ ।
વચ્છ ! કાંય ચિંતા કરે રે સુ૦ કહું તે સાંભલિ નેમ પુ૦ ॥૨૫॥

વિહાણે નગરઉદ્યાનમાં રે સુ૦ અશોક વૃક્ષનેં મૂલ પુ૦ ।
પુરુષરતન કુલઉપનો રે સુ૦ તરુણ કલા અનુકૂલ પુ૦ ॥૨૬॥

દિવસ પ્રહર એકને સમેં રે સુ૦ મદનનામ ગુણવંત પુ૦ ।
દેષી કન્યા દેજે તેહને રે સુ૦ તવ મેં ભાષ્યું તંત પુ૦ ॥૨૭॥

ચિંતાસમુદ્રમાં બૂડતાં રે સુ૦ મુઝને ઉદ્ધર્યો માત પુ૦ ।
અદશ થઈ કુલદેવતા રે સુ૦ અનુક્રમેં થયો પરભાત પુ૦ ॥૨૮॥

કૃત્ય કરી વિહાણાં તણાં રે સુ૦ આવ્યો હું ઇંણ ઠામિ પુ૦ ।
દેવીઇં ભાષ્યું તે સવે રે સુ૦ નયણે દીઠું તામ પુ૦ ॥૨૯॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઢાલ બીજી એહ રાસમાં રે સુ૦ ભાષી અતીહિં વિશાલ પુ૦ ।
'પદ્મવિજય' કહેં સાંભલો રે સુ૦ આગલિ વાત રસાલ પુ૦ ॥૩૦॥

॥ સર્વ ગાથા ૬૧ ॥

॥ દુહા ॥

તે માટે કરું વીનતી, જાણું તુમચું નામ ।
માહંરુ વચન માની કરી, કરો અમ્હારું કામ ॥૧॥

તે સાંભલીનેં ચિંતવે, મદન તે ચિત્ત મઝારિ ।
વિનાં પ્રિયાં હું એકલો, વંઠ પરિં નિરધાર ॥૨॥

કાલ ગમાવું કિણી પરિં, રહું હવે કિણે ઠાણ ।
દેવેં દીધી કન્યકા, આપે છેં મુઝ પાણિ ॥૩॥

ભાગ્યયોગેં આવી મલી, મનવિશ્રામનું ઠામ ।
પરણીને ધન ભોગવું, એહ શેઠનેં ધામ ॥૪॥

ઈમિ ચિંતવી અંગીકરે, તેહ શેઠની વાણિ ।
શુભ લગનેં પરણ્યો તિહાં, મનમાં ઉચ્છરંગ આણિ ॥૫॥

॥ ઢાળ ૩ ॥

॥ ચતુર સનેહી મોહનાં—એ દેશી ॥

ભાનુદત્ત હવે સેઠીઓ, વસ્ત્ર અનેં અલંકાર રે ।
બહુ ધન કંચન પૂરિઉં, ભવન દીઈં મનોહાર રે ॥૬॥
પુન્યવંત ઇમ જાણિઇં ॥

વિદ્યુતલતાસ્યું તિહાં રહ્યો, સુખ ભોગવે સુરસાલ રે ।
પુણ્યેં મનવંછિત મલે, દુખ થાઇં વિસરાલ રે પુન્યવંત૦ ॥૭॥

સુપુરિસ જિહાં જાઇં તિહાં, નવિ જાણે કુલ શીલ રે ।
પણિ તે પુણ્યઉદઇં કરી, પામે સુખ ભર લીલ રે પુન્યવંત૦ ॥૮॥

જો ઇચ્છક કલ્યાણના, ઇહ ભવ પરભવિ પ્રાણી રે ।
તો પુણ્ય ઉદ્યમ આદરે, કરિઇં ગુણમણિ ખાણી રે પુન્યવંત૦ ॥૯॥

સસુર દ્રવ્યથી સંપજે, ભોગ ભલા ભરપુર રે ।
મદન મગન સુખસાગરેં, દુખ વાત ગઈ દૂરિ રે પુન્યવંત૦ ॥૧૦॥

કેઈક વરસ વહી ગયાં, એક દિન પાઉસ આયો રે ।
પંથી લોક વિરહી જિકે, તે ઘર ભણી સહુ ધાયો રે પુન્યવંત૦ ॥૧૧॥

કામિની વિરહઅગનિ થકી, ધૂમલેખા ઘનમાલા રે ।
વિસ્તરી ગગન તેણિં કરી, મેઘ હુઆ માનું કાલા રે પુન્યવંત૦ ॥૧૨॥

દિશિવધૂને આભર્ણ પરિં, જલદ ભર્ત્તાઇં દીધું રે ।
ચમકે ચિહું દિશિં વીજ તે, કનકમયી સુપ્રસીધું રે પુન્યવંત૦ ॥૧૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ડિંડિમ પાઉસરાયનો, ચ્યારિં દિશ વિસ્તરીઓ રે ।
હું રાજા છું ઇણિ પરે, લોક ગર્જારવેં ભરીઓ રે પુન્યવંત૦ ॥૧૪॥
માનિની માનખંડણ ભણિ, ખડગધારા જ્યું પ્રચંડ રે ।
વરસેં નિરંતર તિણેં સમેં, જલધારા તે અખંડ રે પુન્યવંત૦ ॥૧૫॥
પ્રથિવી મહિલાનેં હૃદેં, હાર સૈંર અભિરામ રે ।
સરિતા પસરી સોહિઇં, દેષી પસરેં કામ રે પુન્યવંત૦ ॥૧૬॥
કુટજ કદંબ ને કેતકી, સલ્લકી અર્જુન ફૂલ્યા રે ।
કુરંચ ચકોર નેં મોરના, મદ વાધ્યા તેમ મોલેં રે પુન્યવંત૦ ॥૧૬॥
મેઘઘટા મહિષી વલી, પૃથિવી નેં આકાશેં રે ।
પય ઝરતી ગાજેં ઘણું, શ્યામવરણ સુપ્રકાસેં રે પુન્યવંત૦ ॥૧૮॥
ગર્ભ ધરેં બગલી તદા, હરિતાંશુક ધરા પહેરે રે ।
નૃપયાત્રા રજ ઉપશમેં, કામિની પતિપથ હેરેં રે પુન્યવંત૦ ॥૧૯॥
મદન બેંઠો તિહાં ગોષડેં, જોવે પાઉસ સોહા રે ।
પાડોસિણ નયણેં પડી, કરતી દુખવિછોહા રે પુન્યવંત૦ ॥૨૦॥
કરતી વિલાપ ઇણિ પરેં, મુંકી મુઝ અનાથ રે ।
દેશાંતર ગયો તે હજી, નવિ આવ્યો મુઝ નાથ રે પુન્યવંત૦ ॥૨૧॥
ઘન ગરજારવ વિજલી, દાદુર મુઝ ડર પાવેં રે ।
ઝૂંપડી તે પાણી ઝરેં, થરહર દેહ કંપાવે રે પુન્યવંત૦ ॥૨૨॥
નિઠવીઉં ધન પૂર્વનું, બાલિક પણિ ઇંમ રોવે રે ।
આણી સ્યું આપું હવે, દૈવ ન સાહમું જોવે રે પુન્યવંત૦ ॥૨૩॥
દુખ કુલભવન હું નીપની, મદન સુણીઇં કાનેં રે ।
અતિશય કરુણા ઉપની, ચિત્તમાં ધરી ઇંમ સાનેં રે પુન્યવંત૦ ॥૨૪॥
ઢાલ ત્રીજી એહ રાસની, ભાષી ગુરુ સુપસાય રે ।
'પદ્મવિજય' કહે પુણ્યથી, પામેં વંછિત ઠાય રે પુન્યવંત૦ ॥૨૫॥

॥ સર્વ ગાથા ૮૬ ॥

॥ દુહા ॥

મદન વિચારેં ચિત્તમાં, અહો એ રાંક અનાથ ।
પતિવિરહેં ઇંમ વિલપતી, નહીં કો એહનો સાથ ॥ ૧ ॥
ચંડા પ્રચંડા બાપડી, માહરો ધરતી વિયોગ ।
ઇંણિ પરેં દુખણી બહુ હસ્યેં, ભરતા વિણ સ્યો ભોગ ॥ ૨ ॥
ઇંમ ચિંતવતો તે હવેં, નયણેં નીર ઝરંત ।
તે દેષીનેં નાહનેં, વિદ્યુતલતા ભણંત ॥ ૩ ॥
સ્યો ઉદ્વેગ તુમ ચિત્તમાં, ભાષો કારણ મુજ ।
બહુ આગ્રહથી ભાષિઉં, જેહ હિયાનું ગુઝ ॥ ૪ ॥
પૂરવ ભારયા સાંભરી, તિણેં મુઝ દુખ બહુ થાય ।
દેષી પાડોસિણ રોવતી, સાંભરી ચિત્તમાં આય ॥ ૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ૫ ॥

॥ આધા આમ પધારો પૂજ્ય અમ ઘરિ વોહરણ વેલા—એ દેશી ॥

વાત સાંભલી કામિની તે ચિત્તમાં, કરતી ઇંમ વિચાર ।
ઇણિ પરેં સુખ ભોગવે મુઝ સાથેં, પણ સાંભરેં તે નારિ ॥૬॥
સ્વામી સુખેં પધારો ઘરેં, તેહની ખબરિ તે લીજે ॥
બાહ્ય વિકાર નવિ દેખાવેં, બોલે ઇંણિ પરે વાણી ।
સ્વામી એવડું દુખ ઉપજાવો, સ્યેં કારણ હિત આણી સ્વામી૦ ॥૭॥
તિહાં જઇનેં તસ રતિ ઉપજાવો, મદન કહે તવ ઇંમ ।
તાહરી આણા હોય તો જાઉં, નહીં તો જાઉં કેમ સ્વામી૦ ॥૮॥
સાંભલી ચિંતવેંઇ ઈર્ષા આણી, જુઓ દાસી પરેં સેવું ।
વચન ન લોપું એહનું કબહીં, કરું એહના ચિત્ત જેહવું સ્વામી૦ ॥૯॥
તોપણિ દુખદાયક તે બિહુંને, સંભારે છઇ આમ ।
મ્હેં તો ખમી ન સકીઈ ક્ષણ પણિ, દુર્ધર પીડે કામ સ્વામી૦ ॥૧૦॥
પાઉસ રિતુહ કામ જગાવેં, વાત વિસારેં પાછું ।
કાલ ક્ષેપ કરીઇં કોઈ રીતેં, ઇંમ ચિંતી કહેં આડું સ્વામી૦ ॥૧૧॥
સ્વામી વાટિ વિષમ એ રિતુમાં, મારગ દુર્ગમ કચરેં ।
ગિરી નદીઓ અતિ વિષમ છે વાટેં, જાવા ચિત્ત કિમ પસરેં સ્વામી૦ ॥૧૨॥
શરદ કાલેં જબ પાઉસ ઉતરેં, તવ જાજ્યો તુમ્હે સ્વામી ।
વાત સુણીનેં માન્યું મદનેં, સ્ત્રીનેં વશ હોઇં કામી સ્વામી૦ ॥૧૩॥
ભોગ સુખેં હવેં કાલ ગમાવેં, શરદ રીતુ જબ આવે ।
તબ જાવા ઉત્કંઠિત પૂછેં, જાઉં જો તું ફરમાવે સ્વામી૦ ॥૧૪॥
કાંય વિચાર કરીનેં માન્યું, સંબલ સાથેં આપેં ।
કરી સુગંધ કરંબો વિધિસ્યું, મદનનેં હાથેં થાપેં સ્વામી૦ ॥૧૫॥
કુશસ્થલ ભણી ચાલ્યો વેગેં, લેઇ કરંબો તેહ ।
જાતાં થયો મધ્યાહ્ન સમય તવ, કોઇ ગામેં ગયો એહ સ્વામી૦ ॥૧૬॥
તાસ ઉદ્યાનેં સરોવરતીરેં, તરુ મૂલેં વિશ્રામ ।
નાહી દેવ ગુરુ સંભારી, ઇચ્છે ભોજન કામ સ્વામી૦ ॥૧૭॥
ચિંતવેં જો કોઈ આવેં અતિથી, નયણેં ઇણહી જ કાલ ।
તો તસ ગ્રાસ અરધ આપીનેં, પુણ્ય કરું તતકાલ સ્વામી૦ ॥૧૮॥
પરનેં શબ્દ કરીનેં ભુંજે, જગમાં તે ધન પ્રાણી ।
અતિથીસંવિભાગ કહ્યો તેણેં, લખમી કરતલ આણી સ્વામી૦ ॥૧૯॥
ઇંમ ચિંતવતાં દીઠો પાસેં, દેવકુલથી નીકલતો ।
જટા મુકુટ નેં ભસ્મવિલેપિત, ગામ ભણી સલસલતો સ્વામી૦ ॥૨૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપસી દેખી હરખ્યો હૃદયેં, બોલાવ્યો બહુ માનેં ।
આપ્યો કરંબો આહાર પ્રમાણેં, લેઈ વલીઓ નિજ થાને સ્વામી૦ ॥૨૧॥
ભૂખ્યો તપસી ખાવા બેઠો, તેહ સરોવરતીરેં ।
ખાવા મદન આરંભે જેતેં, લેઈ સમીપ તે નીરેં સ્વામી૦ ॥૨૨॥
એહવેં છીંક થઈ તવ ચિંતે, કાંય વિલંબ તે કીજે ।
એહવે યોગી બકરો હૂઓ, કરંબ પ્રભાવ વદીજે સ્વામી૦ ॥૨૩॥
શ્રીગુરુ ઉત્તમવિજય પ્રભાવેં, ભાખી ચોથી ઢાલ ।
'પદ્મવિજય' કહે પુણ્યપ્રભાવેં, હોવેં મંગલ માલ સ્વામી૦ ॥૨૪॥

॥ સર્વ ગાથા ૧૧૦ ॥

॥ દુહા ॥

બેંબેં કરતો બોકડો, ચાલ્યો નયર સંકાસ ।
મદન લહ્યા વિસ્મય ઘણું, દેખી તેહ વિલાસ ॥૧॥
કિહાં જાઈ છઈ બોકડો, જોઉં પૂઠેં જાય ।
ઈમ ચિંતિને ચાલીઓ, કૌતીક મન ન માય ॥૨॥
મદન બોકડો બિહું જણાં, પહોંતા નયર મઝારી ।
પેંઠો બકરો ભવનમાં, જિહાં વિદ્યુતલતા નારી ॥૩॥
મદન જોવા છાંનો રહ્યો, કોઈ થાનિક તે પાસ ।
જોઉં બકરો સ્યું કરેં, પેસીનેં આવાસ ॥૪॥
બકરો આવ્યો જાણિનેં, વિદ્યુતલતા દિઈ દ્વાર ।
લેઈ લકુટનેં મારવા, ઉઠી ઉંઘી નારિ ॥૫॥
બૂંબ પાડેં તે બોકડો, તવ બોલેં તે નારિ ।
નિરઅપરાધ મુઝનેં તજી, રે તુઝ પડો ધિક્કાર ॥૬॥
બહુ કાલેં પણિ પૂર્વની, નારિથી વિરમ્યો નાંહિ ।
ચાલ્યો તિહાં ઉત્કંઠવી, સ્યુ જોઈ આવ્યો આંહિ ॥૭॥

॥ ઢાલ ૫ ॥

॥ કરેં લણાં ઘડદે રે—એ દેશી ॥

નારી કહેં મુસલેં કરી, દયા ધરીનેં આજ ।
મારું નહીં ભરતા ભળી, જાણી મોહટું અકાજ ॥૮॥
ભવિક જન સુણજ્યો રે, નારીચરિત્ર વિચિત્ર હૃદયમાં મુણજ્યો રે ॥
બીહનો ચંડા મુંસલથી, ગયો પ્રચંડા પાસ ।
મુઝ મારંતાં હવેં કહો, ચિતમાં કેહની આસી ભવિક જન૦ ॥૯॥
કહી કહીંને ઇમ મારતી, મિલીઓ લોક અપાર ।
મદન વિચારેં ચિત્તમાં, અહોઅહો ચરિત અપાર ભવિક જન૦ ॥૧૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરંબો જો ષાતો કદા, માહરી પણિ એ રીતિ ।
લોક બુંબારવ સાંભલી, દેષી એહ અનીતિ ભવિક જન૦ ॥૧૧॥
રે રે મૂઢ પશુ ભણી, મારેં છેં તું કેમ ।
વણિકકુલેં તું ઉપની, કિમ હિંસા કરેં ઇમ ભવિક જન૦ ॥૧૨॥
તવ પાણી મંત્રી કરી, છાંટયું તેહનેં જામ ।
ભસ્મ ગુંડિત જટા ધરો, ઊરણુ જોગી થયો તામ ભવિક જન૦ ॥૧૩॥
લોક દેષી પૂછેં ઇસ્યુ, ભગવન સી એ વાત ।
તવ તે આંસુ નાષતો, ભાષેં નિજ અવદાત ભવિક જન૦ ॥૧૪॥
બીહકેં તપસી નાસતો, વિસ્મય પામ્યો લોક ।
વિદ્યુતલતાનેં ઉપનો, મનમાંહીં ઘણો શોક ભવિક જન૦ ॥૧૫॥
ધિગ ધિગ નિરપરાધી એ, તપસી માર્યો આજ ।
નવિ જાણું કિહાંઇ ગયો, પતિ જાણી એ અકાજ ભવિક જન૦ ॥૧૬॥
મિલસ્યેં અથવા નહીં મીલેં, તે માહરો ભરતાર ।
મેં જાણ્યું શિક્ષા દેઇ, ભોગ ભોગવસ્યું સાર ભવિક જન૦ ॥૧૭॥
મનના મનોરથ મન રહ્યા, જનમાં થયો અપવાદ ।
પતિ વિરહણી હું થઈ, કિહાં કરું શોર નેં દાદ ભવિક જન૦ ॥૧૮॥
પુંહક ખવાણો નહીં, વલી હાથેં દીધો જેમ ।
એહ ઉષાણો મુઝ થયો, કહો હવે કરિઇ કેમ ભવિક જન૦ ॥૧૯॥
મદન વિચારેં દેષીને, નિજ ચરિત્રે કરી એહ ।
ચંડા પ્રચંડા બિહું જણી, જીતી કપટની ગેહ ભવિક જન૦ ॥૨૦॥
યોગીનેં પણિ ગમ્ય નહીં, નારિચરિત્રનો અંત ।
ધિગ્ ધિગ્ વિષયી જીવનેં, તોપણિ તિહાં રાચંત ભવિક જન૦ ॥૨૧॥
રાક્ષણી સાપિણ વલી, વાઘિણ જીતી એણ ।
જે વિશ્વાસ કરેં નરા, તે પશુ નરરૂપેણ ભવિક જન૦ ॥૨૨॥
પુણ્યેં ત્રણુથી છૂટીઓ, હવેં કરું નિજ કાજ ।
ઈમ ચિંતવતો આવીઓ, નામ હસંતીપુરી પાજ ભવિક જન૦ ॥૨૩॥
મદનરાસમાં પાંચમી, ઢાલ ઈંણિ પરેં હોય ।
'પદ્મવિજયે' પુણ્યેં કરી, પુણ્ય કરો સહુ કોય ભવિક જન૦ ॥૨૪॥

॥ સર્વ ગાથા ૧૩૬ ॥ [૧૩૪]

॥ દુહા ॥

ગોરી ઘરિ ઘરિ બારણેં, ઈશ્વિર માનુષ્ય માત ।
રંભા વન વન દેષીઈં, ધનદની કેઇ કહું વાત ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌરી ઈશ્વિર રંભા ધનદ, સહુનેં હસતી તેહ ।
નામ હસંતી તેહનું, સુરપુરી અધિક છેં એહ ॥૨॥
તસ ઉદ્યાનમાં ચૈત્ય છે, જાણે મેરૂગિરિંદ ।
કનકથંભ પંચાલિકા, જિહાં શ્રી રીષભજિણંદ ॥૩॥

॥ ઢાળ ॥

॥ ભવિ તુમ્હેં વંદો રે સુમતિ નેં શાંતિ જિણંદા—એ દેશી ॥

મદન દેઉલમાં પેઠો હરષેં, રીષભ જિનેસર દીઠા ।
જનમ મરણ ટાલેં ભવિજનનાં, મનમાં લાગા મીઠા ॥૪॥
જિનવર નિરષી લાલ, હિયડેં હરષ ધરીજેં ।
જિનગુણ પરષી લાલ, નરભવ સફલ કરીજેં ॥
ભવસાયરમાં ભમતાં જનનેં, આલંબન જિનરાયા ।
દેવનો દેવ સુરાસુર વંદિત, પૂરવ પુણ્યેં પાયા જિનવર૦ ॥૫॥
હાથેં નહીં હથિયાર ન માલા, નહીં ઉચ્છંગેં વામા ।
અવિકારી અકષાયી મુદ્રા, નિરભયી નેં ગુણધામા જિનવર૦ ॥૬॥
એહ સરૂપ ન જગમાં દીસેં, સફલ થયો અવતાર ।
નયણ કૃતારથ માહરાં હૂઆં, ધન્ય હું જગશિરદાર જિનવર૦ ॥૭॥
ભવસાયરનો પાર હું પામ્યો, દુરલભ જિનપદ પામી ।
ભવખયકારણ ભવદુખવારણ, હવેં થયો શિવગતિગામી જિનવર૦ ॥૮॥
ઈમ બહુમાનેં જિનવર પ્રણમી, બેંઠો તિણહી જ ઠામ ।
વણિકપુત્ર ઇણ અવસર આવ્યો, ધનદેવ તેહનું નામ જિનવર૦ ॥૯॥
તે પણિ પરમાતમ પ્રણમીનેં, મનમાં ઉલ્લસિત ભાવેં ।
મદન નેં ધનદેવ રંગમંડપમાં, હરષેં બિહું જણ આવેં જિનવર૦ ॥૧૦॥
પુછેં ધનદેવ સ્નેહ ધરીનેં, સાધર્મિક તસ જાણી ।
ભદ્ર તુમ્હે આવ્યા કહો કિહાંથી, જિનમુખ જોવા જાણી જિનવર૦ ॥૧૧॥
દુખ હૃદયમાં તુમ્હ બહુ દેખું, તવ ચિંતે તે ઇમ ।
કોઈ મહાતમા મુઝનેં પૂછે, આણી બહુલો પ્રેમ જિનવર૦ ॥૧૨॥
બોલ્યો મદન ભદ્ર હું આવ્યો, નગર સંકાસથી જાણિ ।
દુખ કારણ મુજ રીદયનેં પૂછ્યું, તે સાંભલિ ગુણખાણિ જિનવર૦ ॥૧૩॥
વાત લજ્જા જેહવી છે તોપણિ, તુમચું દરિસણ દેષી ।
સ્નેહ ઘણો દીઠો તિણેં ભાષું, બીજું સર્વ ઉવેષી જિનવર૦ ॥૧૪॥
નિજ વૃત્તાંત સરવ તિણેં ભાખ્યો, ધનદેવ બોલ્યો તેહારેં ।
કેતલું મુઝ દુખ આગલિ તાહરું, તુઝથી અધિક દુખ માહરે જિનવર૦ ॥૧૫॥
માહરી વાત ઘણી અચરિજની, સુણતાં વિસ્મય થાય ।
ભાર્યા માહરેં તુઝથી અધિકી, સુણતાં તુઝ દુખ થાય જિનવર૦ ॥૧૬॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મદન કહેં કહો તુમ્હ ભાર્યાની, વાત તે વિસ્મયકારી ।
ધનદેવ કહેં તે કહિઇં સુણજ્યો, હર્ષ ધરી નરનારી જિનવર૦ ।।૧૭।।
'પદ્મવિજય' કહી મદન રાસમાં, રુડી છઠી ઢાલ ।
હવેં કહું જે ધનદેવ કેરી, વાત ઘણું સુરસાલ જિનવર૦ ।।૧૮।।

।। સર્વ ગાથા ૧૫૪ [૧૫૨] ।।

।। દુહા ।।

ઇણ નયરીમાંહિં વસે, ધનપતિ નામા શેઠ ।
નિશ્ચલ શ્રીજિનધર્મમાં, બીજું જાણે વેઠ (ઠ) ।।૧।।
મુનિજનની સેવા કરે, કરે વલી પરઉપગાર ।
ગુણરાગી ગિરુઉં ઘણું, શ્રીવંતમાં શિરદાર ।।૨।।
લષમી નામ સોહામણું, નામ તિસ્યો પરિણામ ।
લષમી ઘરિ આંગણિ વસેં, સકલ કલાનું ધામ ।।૩।।
એહવી નારીસ્યું શેઠજી, ઉભય લોક અવિરુદ્ધ ।
સાધંતાં સુત દો થયા, તેહ સદા સુવિશુદ્ધ ।।૪।।
તિહાં પહિલો ધનસાર છેં, બીજો છે ધનદેવ ।
યૌવન વય આવ્યા બિહું, સ્વામી કાર્તિક મહાદેવ ।।૫।।

।। ઢાલ ૭ ।।

।। ગેંબ સાગરની પાલિ ઉભી દોય નાગરી મ્હારા લાલ—એ દેશી ।।

દોય કલા હવે સીખ્યા યોવન વય આવીયા મ્હારા લાલ,
રૂપ લાવણ્ય વિશિષ્ટ કન્યા પરણાવીઆ મ્હારા લાલ ।
નિત્ય નિત્ય નિજ વ્યાપાર કરે તે બિહું જણા મ્હારા લાલ,
કાલ ગમાવે ઇણિ પરે સહુઇં ઇકમના મ્હારા લાલ ।।૬।।
જીવલોકને મરણ અન્તે આવે સદા મ્હારા લાલ,
સમય સમય વિણસેં રસ રૂપ નેં સંપદા મ્હારા લાલ ।
ધનપતિ સેઠ આયુ નિજ અથિર જાણી કરી મ્હારા લાલ,
શત્રુ મિત્ર સમભાવ હૃદયમાંહિ ધરી મ્હારા લાલ ।।૭।।
થઈ વિરક્ત સંસારથી સહુ જીવ ખમણા મ્હારા લાલ,
મન એકાગ્રેં પંચ પરમેષ્ઠિ સુમરણા મ્હારા લાલ ।
પંથ સાધ્યો પરલાકનો ધનપતિ વાણિઇં મ્હારા લાલ,
મરણ લહ્યો ઇમ ઉત્તમ શ્રાવક જાણિઇં મ્હારા લાલ ।।૮।।
નિજ ભરતાર વિયોગ શોક હવેં બહુ કરેં મ્હારા લાલ,
લષમી પણિ ઘરવાસ બીહામણો ચિત્ત ધરેં મ્હારા લાલ ।
બહુ સંવેગ વિષય વિમુખી તે નિત્ય રહેં મ્હારા લાલ,
તપથી તિશેષેં શોષવી કાય મરણ લહેં મ્હારા લાલ ।।૯।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માતપિતા મરણથી શોક કરે ઘણો: મ્હારા લાલ,
નવિ સુખ પામે કિણુહી ઠામ ચિત્ત હોય તણો મ્હારા લાલ ।
તજીઓ સકલ વ્યાપાર હવે ઇણ અવસરે મ્હારા લાલ,
શ્રીમુનિચંદ મુણિંદ આવ્યા પુરપરિસરે મ્હારા લાલ ।।૧૦।।

તિણે ઉપદેશ કર્યો ઇમ ભો ભો કિમ કરો મ્હારા લાલ,
એવડો શોકસંભાર ધરો ચિત્તમાં ધરો મ્હારા લાલ ।
નવિ સંસારસરૂપ નિરૂપણ ચિત્ત કરો મ્હારા લાલ,
ચર થિર સકલ સંસારમાં સર્વને જમહરો મ્હારા લાલ ।।૧૧।।

નિત્ય પંથીએ પ્રાણ શરીર ચલ અછે મ્હારા લાલ,
જોવન ચપલ મરણ ધ્રુવ અનુક્રમે સવિ ગચ્છે મ્હારા લાલ ।
એક જિણવર ભાષિત શરણ તે ધર્મ છે મ્હારા લાલ,
તેહ આધાર ગતિ સ્થિત અવર અધર્મ છે મ્હારા લાલ ।।૧૨।।

તેહ સુણીને શોક મંદ કરી ઘરિ ગયા મ્હારા લાલ,
નિજ ઘર કાર્ય વ્યાપારમાં બિહુંઇ સજ થયા મ્હારા લાલ ।
બિહુંની નારિ તે ઘરમાં નિત્ય કલહ કરે મ્હારા લાલ,
બિહું જણ સમજી ભિન્ન રાખે ઘરે મ્હારા લાલ ।।૧૩।।

જાતે દિન એક દિન પૂછયું વૃદ્ધ ભાઇઇં મ્હારા લાલ,
કિમ ઉદવેગ સહિત તુઝ મનડું પાઇઇં મ્હારા લાલ ।
તવ લઘુ ભાઈ કહે મુઝ નારિનું દુખ ઘણું મ્હારા લાલ,
તિણે મુઝ ઉદવેગ થાય તનુ દુરબલપણું મ્હારા લાલ ।।૧૪।।

મોહટો ભાઈ કહે તું મન મત દુખ કરે મ્હારા લાલ,
કન્યા બીજી પરણાવું તેહથી સુખ ધરે મ્હારા લાલ ।
લઘુ ભાઈ કહે ઇમ જ કરો જિમ સુખ લહું મ્હારા લાલ,
એહ વાત તુમ્હ આગલિ ઝાઝી સી કહું મ્હારા લાલ ।।૧૫।।

તવ વૃદ્ધ ભાઈઇં કોઇકિ કુલવંતી કની મ્હારા લાલ,
પરણાવ્યો ધનદેવને બીજી શોભા બની મ્હારા લાલ ।
સાતમી ઢાલ રસાલ કહી મ્હેં ઇંણિ પરે મ્હારા લાલ,
'પદ્મવિજય' કહે સાંભલો કિણી પરે નિસ્તરે મ્હારા લાલ ।।૧૬।।

।। સર્વ ગાથા ૧૭૦ [૧૬૮] ।।

।। દુહા ।।

અભિનવ પરણી નારિસ્યું, ભોગવે નવલા ભોગ ।
ભાવી ભાવના યોગથી, સરિષો મિલ્યો સંયોગ ।।૧।।

સ્વેચ્છાચારી નારિ તે, પહિલી સરિષી એહ ।
ચિત્ત સંતોષ ન ઉપનો, ધનદેવને તિહાં રેહ ।।૨।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મન ચિંતેં નિરભાગ્ય હું, ઘર ઉઠયો ગયો રન્ન ।
તિહાં પણિ ભાવી ભાવથી, લાગી બહુત અગન્નિ ॥૩॥

તાસ પરીક્ષા કારણેં, જોવેં તાસ ચરિત્ત ।
ઇક દિન બેંઠો ધ્રૂજતો, નારિનેં કહે ઇણિ રીતિ ॥૪॥

શીતજ્વર મુઝ આવીઓ, બેંસી ન સકું તેણુ ।
વહિલી શિજ્યા પાથરો, શયન કરું હું જેણુ ॥૫॥

પ્રગુણ કરી શિયા તિણે, ધનદેવ સૂતો જામ ।
પાવરણાં સીરષ પ્રમુખ, ઓઢાઢયાં તસ તામ ॥૬॥

॥ ઢાળ ૮ ॥

॥ ઝાંઝરીઆ મુનિવર ધન ધન તુમ્હ અવતાર—એ દેશી ॥

તિણેં સમેં સૂરય આથમ્યો જી, રાતિં થયો અંધકાર ।
આચ્છાદેં સવિ દોષનેં જી, ગુહડ કરેં ધુતકાર ॥૭॥

સોભાગી સયણાં સાંભળો નારીચરિત્ર ॥
ઘોર નાદ કપટેં કરી જી, ઉંઘેં તિહાં ધનદેવ ।
તવ મોહટી લઘુનેં કહેં જી, સાંભલિ રે તું દેવ સોભાગી૦ ॥૮॥

તું પરવારિ ઉતાવલી જી, આપણુનેં છેં કામ ।
તવ તે કામ ઉતાવલી જી, કરીનેં પ્રગુણ થઈ તામ સોભાગી૦ ॥૯॥

ઘોર નિદ્રા આવ્યો વહી જી, જાણી તે દોય નારિ ।
ઘરમાંથી તે નીકલી જી, ઘરઉદ્યાન સહકાર સોભાગી૦ ॥૧૦॥

તે ઉપરિ દોઇ ચઢી જી, પાછલિથી ધનદેવ ।
તેહનેં અનુસારેં ગયો જી, હલૂઇં હલૂઇં દેવ સોભાગી૦ ॥૧૧॥

તેહ જ આંબે વસ્ત્રથી જી, બાંધ્યું આપ શરીર ।
બેંઠો પ્રથિવી ઉપરિ જી, સાહસ ધરીનેં ધીર સોભાગી૦ ॥૧૨॥

મંત્ર સંભાર્યો તિંણીઇ જી, શકતિ અંચિત્ય છે મંત ।
ઉડીનેં આંબો ગયો જી, ચાલ્યો તે ગગનાંત સોભાગી૦ ॥૧૩॥

જલજંતુ બીહામણો જી, રયણાયર મધ્ય ભાગ ।
રતનદ્વીપ રલીઆમણો જી, અવર દ્વીપ વડભાગ સોભાગી૦ ॥૧૪॥

તસ શિર મુગટમણી સમું જી, નગર રયણપુર તત્થ ।
રતનેં મંડિત ઘર ઘણાં જી, સહસ ગમેં છેં જત્થ સોભાગી૦ ॥૧૫॥

વિદ્યાધર વાસો જિહાં જી, રૂપેં જીત્યો અનંગ ।
વિદ્યાધર રૂપેં કરી જી, રતિ હારી એકંગ સોભાગી૦ ॥૧૬॥

તિણુ નયરી ઉદ્યાનમાં જી, ઉતરીઓ સહકાર ।
ધનદેવ તિહાંથી નીકલી જી, દૂરિ ગયો કોઇ ઠાર સોભાગી૦ ॥૧૭॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાર્યાઓ પણિ ઉતરી જી, પેંઠી નગર મઝારી ।
ધનદેવ પણિ પુંઠે થયો જી, તાસ ચરણ અનુસાર સોભાગી૦ ॥૧૮॥
કૌતુક નગરીમાં જૂઇ જી, નાનાવિધ મનોહાર ।
નિજ ઇચ્છાઇં વિચરતી જી, પૂંઠેં તસ ભરતાર સોભાગી૦ ॥૧૯॥
તેહ ચરિત્ર જોતાં થકો જી, ચિત્તમાં ચમકયો એહ ।
જાણેં સ્વર્ગમાં આવીઓ જી, સ્વપ્ન પરિં લહેં તેહ સોભાગી૦ ॥૨૦॥
ઇણિ પરેં ધનદેવરાસમાં જી, ભાષી આઠમી ઢાલ ।
'પદ્મવિજય' કહેં સાંભલો જી, આગલિ વાત રસાલ સોભાગી૦ ॥૨૧॥

॥ સર્વ ગાથા ૧૯૧ [૧૮૯] ॥

॥ દુહા ॥

ઇંણિં અવસરિ તે નયરમાં, શ્રીપુંજ નામેં સેઠ ।
બીજા સહુ વ્યવહારિયા, માનું એહથી હેઠિ ॥૧॥
ચ્યાર પુત્ર ઉપરિ સુતા, શ્રીમતી નામેં તાસ ।
તિલક સમી ત્રણિ લોકમેં રૂપ લાવણ્યનો વાસ ॥૨॥
એહવી નારી ન પામીઓ, ક્ષીણ દેહ તિણેં કામ ।
હલૂઇં હલૂઇં અનંગથી, તે દુખથી માનું આમ ॥૩॥
વિદ્યા કલા સરવેં તિહાં, સ્પર્દ્ધાઇં કર્યો વાસ ।
સૌભાગ્ય થાનિક એ સમું, નવિ લાધું કોઈ પાસ ॥૪॥
સાર્થવાહ વસુદત્ત તિહાં, તેહના પુત્રનેં તેહ ।
કર્યો વિવાહ હવેં પરણવા, માંડયો ઓચ્છવ ગેહ ॥૫॥

॥ ઢાળ ૯ ॥

॥ રાગ ખંભાતી ॥ હવઇ શ્રીપાલકુમાર—એ દેશી ॥

સારથવાહનો પૂત વસ્ત્ર અમૂલિક અંગિ ધરેં જી ।
રયણતણા અલંકાર તાસ કિરણ અતિ વિસ્તરેં જી ॥૬॥
સાબેલા શ્રીકાર પહેંર્યા વાગા જરકસી જી ।
નાટક કરેં વર પાત્ર જાણે રંભા ઉરવસી જી ॥૭॥
વાજે વિવિધ વાજિત્ર શિરણાઈ ટહકેં ઘણી જી ।
સાજન મિલિઓ સાથ મંગલ ગાવે જાણણી જી ॥૮॥
બોલેં બિરુદ અનેક લોક જોવા બહુ આવીઓ જી ।
શ્રીફલ નેં વલી પાન વરરાજા કર ભાવીઓ જી ॥૯॥
વીજેં ચામર પાસ છત્ર ધર્યું શિર ઉપરિં જી ।
નોબત ગડગડેં છંદિ ચોહટિં ચાલેંઇ ઇણિ પરેં જી ॥૧૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેષી નારિચરિત્ર ધનદેવ ચિંતેં ઇણિ સમેં જી ।
વલસ્યેં જબ એ નારિ તવ વલસ્યું હું અનુક્રમેં જી ॥૧૧॥
જોતો ઓચ્છવ તેહ શ્રીપુંજ સેઠ ઘરિ આંગણેં જી ।
ઊભો તોરણેં તેહ દીસેં તે રલીઆમણો જી ॥૧૨॥
ઇણ અવસરિ વરરાય તુરગ ચઢયો સોહેં ઘણું જી ।
વસુદત્તસુત શ્રીપુંજ સેઠનું સોહાવેં આંગણું જી ॥૧૩॥
લોક તણી ભીડિ ભાડિ જોવા મિલિઓ છઇં ઘણો જી ।
થંભ તે ડગીઓ તામ તીષી ધાર તોરણ તણો જી ॥૧૪॥
પડીઓ ત્રીછો તેહ ભવિતવ્યતા યોગેં કરી જી ।
લાગો તે ઉત્તમાંગ વર તતકાલ ગયો મરી જી ॥૧૫॥
વસુદત્ત પરિજન જેહ તેહ શોકાતુર બહુ થયો જી ।
રોવેં સવિ પરિવાર શિર કૂટેં પીટેં હીયો જી ॥૧૬॥
સહુ ગયો તે નિજ ઘેંર હવેં શ્રીપુંજ ચિત્ત ચિંતવે જી ।
સ્યો આવ્યો અંતરાય કહો હા સ્યુ કરિઇં હવે જી ॥૧૭॥
સી ગતિ હોસ્યેં ધૂય ષેંદ કરેં ચિત્ત આપણેં જી ।
નિજ પરિવારનેં સાથિ ચિંતવેં ઇમ ડાપણેં જી ॥૧૮॥

प्रारब्धमन्यथा कार्यं दैवेन विदधेऽन्यथा ।
को वेत्ति प्राणिनां प्राच्यकर्मणां विषमां गतिम् ॥१९॥

પરણેં નહિ જો આ જ લગનેં તો એ અભાગિણીજી ।
ઇંમ લોકેં પરિસિદ્ધ સકલંકી કન્યા ભણી જી ॥૨૦॥
નહીં પરણેં નર કોય સહુનેં જીવિત વાલહ્યું જી ।
પરણાવું કોઈ આજ કન્યા ભાગ્ય શાસ્ત્રેં કહ્યું જી ॥૨૧॥
સયણ કહેં કાંઇં ખેદ તુમ્હનેં કરવો નવિ ઘટેં જી ।
વિણ ભાવી નવિ હોય ભાવિ ભાવ તે નવિ મિટેં જી ॥૨૨॥
બીજાનેં દ્યો એહ સાંભલી ચિત્તમાં હરષીઓ જી ।
નિજ નરનેં કરેં આણિ લાવો કોઇ નર પરષીઓ જી ॥૨૩॥
તે નર તતષણિ તામ વર જોવાનેં નીકલ્યા જી ।
રાજમારગ સવિ ઠામ જોતાં કોઈનેં નવિ મલ્યા જી ॥૨૪॥
ઇંણ અવસરિ ધનદેવ નયણેં પડિઓ તેહનેં જી ।
દિવ્ય રૂપધર જેહ આવ્યો તે ભરયૌવનેં જી ॥૨૫॥
લાવ્યો સેઠનેં પાસ નિજ પુત્રી સમ નિરષીઓ જી ।
પ્રારથના કરેં તાસ સેઠીઓ હૈયડેં હરષીઓ જી ॥૨૬॥
મદન રાસમાં ઢાલ ભાષી નવમી સોહામણી જી ।
'પદ્મવિજય'કહેં પ્રેમ સાંભલજ્યો આગલિ ગુણીજી ॥૨૭॥

॥ સર્વ ગાથા ૨૧૮ [૨૧૬]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

પ્રારથના સુણી સેઠની, ચિંતેં ચિત્ત મઝારિ ।
એ રૂપવંતી દેષીઈ, જેહવી પૂરવ નારિ ॥૧॥

ષેમ કુશલ નિજ વાંછતે, પૂરવ છંડું નારિ ।
પણિ નારી વિણ:માહરો, અફલ થયો સંસાર ॥૨॥

અતિથી નેં વલી પ્રાહુણા, ન લહેં આદરમાન ।
નારી વિના હાલી સમો, પુરુષ તે વિટલ સમાન ॥૩॥

તાત કરેં ઇંમ પ્રાર્થના, આદર કરી અપાર ।
એહવી કિમ છંડું હવેં, નારી રતિ અનુહાર ॥૪॥

ઇંમ કરી હાકારો ભણ્યો, ન્હવરાવ્યો ધનદેવ ।
કરિય વિલેપન ચંદનેં, વસ્ત્ર પહેંર્યાં તતખેવ ॥૫॥

આભૂષણ અંગે ધર્યાં, પહરીનેં ફુલમાલ ।
શ્રીમતિ કન્યા પરણીઓ, હરષેં થઈ ઉજમાલ ॥૬॥

સેઠ કન્યા ધનદેવનેં, આનંદ વરત્યો છમ ।
દેષી જમાઈ રૂઅડો, સેઠ ધરે બહુ પ્રેમ ॥૭॥

॥ ઢાળ ૧૦ ॥

॥ વાડી ફુલી અતિભલી મનભમરા રે—એ દેશી ॥

ધનદેવ ચિંતાતુર થઈ સુણો સયણાં રે બેઠો દેષેં બાહરિ લાલ ।
હોય ભાર્યા ધનદેવની સુણો૦ ફિરી ફિરી નયર મઝારિ લાલ ॥૮॥

સાંભલી કૌતિક અવનવું સુણો૦ વિવાહ જોવા કાજ લાલ ।
મોહટી નાંહનીનેં કહેં સુણો૦ રાતિ ઘણી છે આજ લાલ ॥૯॥

જોઇઇ ઓચ્છવ હેજસ્યું સુણો૦ લઘુઇં પડિવજ્યું તેહ લાલ ।
જોવેં બિહું જણી રંગસ્યું સુણો૦ લઘુ બોલી સુણો એહ લાલ ॥૧૦॥

દેવ દેવી સમ મનહરૂ સુણો૦ વરવહૂ અતીહિ ઉદાર લાલ ।
આર્યપુત્ર સમ દેષીઈં સુણો૦ મોહટી કહેં તવ નારિ લાલ ॥૧૧॥

ભોલી તું કાંય નવિ લહેં સુણો૦ સરિષા નર બહુ હોય લાલ ।
આર્યપુત્રનેં સારિષો સુણો૦ દીસેં બીજો કોય લાલ ॥૧૨॥

શીતજ્વર કરી પીડીઓ સુણો૦ તે તો સૂતો ગેહ લાલ ।
નિદ્રામાંહિં આવીઓ સુણો૦ નહીં વિદ્યા વલી એહ લાલ ॥૧૩॥

કિહાંથી આવ્યો હોય ઇંહાં સુણો૦ ષિણ એક રહી તિણ ઠાય લાલ ।
કૌતુક દેષી બિહું જણી સુણો૦ સહકાર સાહમી જાય લાલ ॥૧૪॥

ઉંચેં ગોષિ બેંઠો હવેં સુણો૦ નવ પરણિત સ્ત્રીયુત લાલ ।
ધનદેવ શંકા ધારતો સુણો૦ ગમન નારિનું ગુત્ત લાલ ॥૧૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિરિમતિ વસ્ત્રનેં છેહડે સુણો૦ શ્લોક તે લિખીઓ એક લાલ ।
કુંકુમ રસથી સહુ નાંણી સુણો૦ કરી નિપુણાઈ છેક લાલ ॥૧૬॥
યત :—

"क्व हसंती क्व वा रत्नपुरं चूतोऽम्रगः क्व च ।
सूनुर्धनपतेर्भाग्याद्धनदेवोऽभ्यगात् श्रियम् " ॥१॥

હસંતી નગરી કિહાં સુણો૦ કિહાં રતનપુર ઠામ લાલ ।
કિહાં આંબો ગગનેં ચલ્યો સુણો૦ કિહાં કહો ધનદેવ નામ લાલ ॥૧૭॥

કાંયક કાર્ય ઉદ્દેશીનેં સુણો૦ નીકલીઓ હવેં તેહ લાલ ।
આંબે ચઢી તે દોય જણી સુણો૦ મનમાં હર્ષ ધરેહ લાલ ॥૧૮॥

આંબે પૂર્વ પરેં રહ્યો સુણો૦ નારિઇં ગણિઓ મંત લાલ ।
ચાલ્યો આકાશેં આંબલો સુણો૦ પોહતો નિજ ઘરિ તંત લાલ ॥૧૯॥

ઉતર્યો નિજ ઉદ્યાનમાં સુણો૦ ધનદેવ છાનો તામ લાલ ।
ઘરમાં જઈ સુતો વલી સુણો૦ શય્યાઈં કરી આરામ લાલ ॥૨૦॥

ઓઢી નિદ્રાભર થયો સુણો૦ આવી હવેં દોય નારિ લાલ ।
ભરનિદ્રાઈં દેષીઓ સુણો૦ સુતો નિજ ભરતાર લાલ ॥૨૧॥

શંકા રહિત સૂતી બિહું સુણો૦ જાગી ખણેકમાં જામ લાલ ।
થયો પરભાતિ રયણી ગઈ સુણો૦ સૂરય ઉગ્યો તામ લાલ ॥૨૨॥

સવિ અંધકાર નસાડીઓ સુણો૦ ચંડકિરણ દિનનાહ લાલ ।
વલગી ઘરકારય ભણી સુણો૦ ધંધો ઘરનો અથાહ લાલ ॥૨૩॥

કિમહીક હવેં લઘુ નારીઈં સુણો૦ સોઢિ વાહિર રહ્યો હાથ લાલ ।
કંકણ સહિત તે દેષીઓ સુણો૦ વિવાહવંતો નાથ લાલ ॥૨૪॥

મોટીનેં દેષાડીઓ સુણો૦ તવ કહેં મોહટી વાણી લાલ ।
તેં તિહાં કહ્યું તે સવિ મલ્યું સુણો૦ દેષી એહનો પાણિ લાલ ॥૨૫॥

કિમહીક આવ્યો તિહાં કિણેં સુણો૦ પરણ્યો કન્યા ઠામ લાલ ।
જાણ્યો ઇંગિં આપણો સુણો૦ સવિ વૃત્તાંત તે આમ લાલ ॥૨૬॥

મત બીહજે મનમાંહિથી સુણો૦ કરસ્યું તસ પ્રતિકાર લાલ ।
કરવું તો બીહવું કીસ્યું સુણો૦ સઘલું થાસ્યેં સાર લાલ ॥૨૭॥

દસમી મદનના રાસમાં સુણો૦ 'પદ્મવિજય' કહી ઢાલ લાલ ।
અચરિજકારી આગલેં સુણો૦ સાભલો વાત રસાલ લાલ ॥૨૮॥

॥ સર્વ ગાથા ૨૪૬ [૨૪૪] ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

બીહક મ કરિ તુ બાપડી, કરું એહનો ઉપચાર ।
સાત ગાંઠિ દેઇ મંત્રીને, દોરો કર્યો તૈયાર ॥૧॥
ધનદેવનઇ ડાબે પગે, નારીઇ બાંધ્યો તામ ।
મૂરખ ને નિરદયીપણે, કૂડકપટનું ધામ ॥૨॥
મંત્ર તણા પ્રભાવથી, સૂડો થયો તતખેવ ।
દેખી નીજ સૂડાપણું, દીનવદન ધનદેવ ॥૩॥
નવિ છોડયું કંકણ કરે, નવિ સાંભરિઉ જેણ ।
ધનદેવ મનમાં ચિંતવે, શંકા આવી તેણ ॥૪॥
રાતિ વૃત્તાંત જાણી કરી, સૂડો કીધો આમ ।
ઇણું ચરિત્રે એ નારિને, અસંભાવ્ય નહીં કામ ॥૫॥
મન ચિંતે હા હારિઓ, માનવનો અવતાર ।
પશુપણું હું પામીઓ ઇમ ધ્યાઈ તિણી વાર ॥૬॥
ઉડવા જાઇ જેટલે, કરથી ચાંપ્યો તાસ ।
ઇણિ પરે બોલે પાપિણી, ક્રોધ તણો આવાસ ॥૭॥

॥ દેશી વટાઓની ॥

આંખે સમઝાવે અન્યને રે, કરે વલી અન્યસ્યું વાત રે,
અન્ય હૃદયમાં ધારતી રે, કાંય નારી કુટિલ કુજાતિ રે ।
જો હોય પોતાનો ભ્રાત રે, વલી જો હોય નિજનો તાત રે,
તેહને પણ વંચવા જાત રે, એહવા ગુણ જગ વિખ્યાત રે ॥૮॥
સયણ સલૂણે સાંભલો મેરે લાલ ॥
કોયની ન હોઇ એ કદા રે, મુંકી નિજ પતિરાય રે,
રાંક સાથે રમે રંગસ્યું રે, તસ જાણે જીવિત પ્રાય રે ।
નદીની પરે નીચી જાય રે, સાપિણી પરિ કુટિલ સદાય રે,
રાષસણી પરિ ખાવા ધાય રે, જિહાં મન માન્યું ત્યાં ઉ જાય રે સયણ૦ ॥૯॥
ખિણ ઇક રોવે ખિણ હસે રે, ખિણ દેખાવે રાગ રે,
ખિણમાં વિરાગિણ હુઈ રહે રે, ખિણમાં કહે મીઠી વાગ રે ।
ખિણમાં કટુ વચનનો લાગ રે, ખિણ રૂસે તૂસે અથાગ રે,
ખિણમાં કરે નિજ ઘર ત્યાગ રે, ખિણમાં દિઇ નિજ પતિ દાગ રે સયણ૦ ॥૧૦॥
નિજ પતિ પરદેશે જતાં રે, પરમ હોઇ સુખ દેહ રે,
મુખિ કહે તુમ વિણ કિમ રહું રે, આ સૂનું ઢંઢેર છે ગેહ રે ।
તમુસ્યું મુઝ અતિઅ સનેહ રે, ઘડી વરસ સમી મુઝ એહ રે,
હવે થાસ્યે કહો કરું તેહ રે, હવે દુખના વરસસે મેહ રે સયણ૦ ॥૧૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નારી રંગ પતંગસ્યો રે, જાતાં ન લાગે વાર રે,
જિમ વાદલની છાહડી રે, જિમ વીજલીનો ચમકાર રે ।
જિમ રાજમાન અલ્પ વાર રે, જિમ કપટી ધ્યાનવિચાર રે,
નહીં સાચું વયણુ કિ વાર રે, અશુચિ અપવિત્ર ભંડાર રે સયણુ૦ ॥૧૨॥

પંખી પગલું આકાશમાં રે, જલમાં મચ્છપદ જોય રે,
તિમ નારીના હૃદયનો રે, જન ન લહેં મારગ કોય રે ।
બુદ્ધિં સુરગુરુ યદિ હોય રે, તારાનું ગણિત કરેં લોય રે,
એહનો પાર ન પામેં સોય રે, વિણુ હસતી વિણમાં રોય રે સયણુ૦ ॥૧૩॥

ધીઠ હૃદય નારી હવેં રે, બોલેં ઇંણિ પરે વાણિ રે,
અમ્હ ચરિત્ર જોવા ભણી રે, તેં કીધું ઇંમ મંડાણુ રે ।
સૂતો જૂઠો જ્વર આણિ રે, અમ્હ સાથેં પરદ્વીપ ઠાણિ રે,
આવી પકડચો કની પાણિ રે, આવી સૂતો ઓઢયું વસ્ત્ર તાણિ રે સયણુ૦ ॥૧૪॥

તેહનું ફલ હવેં દેખજયે રે, તે વિણુ ન વલેં સાન રે,
ઇંમ કહી પાંજરેં ઘાલીઓ રે, સૂડાનેં દેઇ અપમાન રે ।
બહું વચનપ્રહારનું દાન રે, સાંભલેં સૂડો નિજ કાન રે,
લઘુ મોટીનું કરેં બહુમાન રે, તુમ્હ સમ નહીં અવર કો ઠાન રે સયણુ૦ ॥૧૫॥

ઘર પરિજન દેષી ઘણું રે, શુક કરેં પશ્ચાતાપ રે,
ધિગ મુઝ સૂડો ભવ લહ્યો રે, મુઝ આવી પહોતું પાપ રે ।
ન કર્યો પરમેષ્ઠિનો જાપ રે, તિણેં પામ્યો ઇંમ સંતાપ રે,
હવેં પરવશ સ્યું કરું આપ રે, નવિ આડાં આવેં માયબાપ રે સયણુ૦ ॥૧૬॥

ઘરકારય કરતી થકી રે, રાંધે જબ તે નારિ રે,
તબ ભાજી છમકાવતી રે, તેહના હોય છમકાર રે ।
લાવી સૂડો તિણી વાર રે, બીહવરાવેં શસ્ત્રની ધાર રે,
કહેં સાંભલિ તું નિરધાર રે, કરું એહવો તુઝ પર કાર રે સયણુ૦ ॥૧૭॥

તુઝને મારી ઇંણિ પરેં રે, એક દિન એહ હવાલ રે,
છમકાવીસ્યું તુઝને રે, ઇંમ બોલેં તે વિકરાલ રે ।
સુણી પામેં ભય અસરાલ રે, નિત્ય નિત્ય એ દુખ જંજાલ રે,
લહેં તો કાઢેં કોઈ કાલ રે, જાણેં મલીઆ છેં નરકપાલ રે સયણુ૦ ॥૧૮॥

ધન ધન તે નર રાજીઆ રે, જાણી એહવી નારિ રે,
દૂરિ રહ્યા મહાભાગ તે રે, જાણો જિમ જંબૂકમાર રે ।
વલી વયર સ્વામી અણુગાર રે, ધરી વ્રતસ્યું અતિશય પ્યાર રે,
ઇમ ઢાલ થઈ અગ્યાર રે, કહેં 'પદ્મવિજય' જયકાર રે સયણુ૦ ॥૧૯॥

॥ સર્વ ગાથા ૨૬૫ [૨૬૩] ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

હવે જે રત્નપુરે થયો, તે સુણજ્યો અધિકાર ।
સેઠે જાણ્યું કિહાં ગયો, શ્રીમતિનો ભરતાર ॥૧॥
ગયો તે પાછો નાવીઓ, ખોલાવ્યો બહુ ઠામ ।
વિહાણે દીઠો જે લિખ્યો, શ્લોક મનોહર તામ ॥૨॥
તથાહિ—હસંતીપુરે ધનપતિ, સેઠનો સુત ધનદેવ ।
વ્યોમમારગ આવી કરી, પરણી ગયો તતખેવ ॥૩॥
તેમ સુણી સેઠે હવે, શ્રીમતી રોતી જેહ ।
આસાસના દેઇ ઇમ કહે, ઇહા તેડાવું તેહ ॥૪॥

॥ ઢાલ ૧૨ ॥

॥ દેશી વીંછિઆની ॥

ઇક દિન ઇક સારથપતિ, સાગરદત્ત નામે સેઠ રે ।
વ્યાપારને અરથે તિહાં જતો, હસંતીપુરી જિહાં ઠેઠી રે ॥૫॥
જૂઓ જૂઓ કર્મવિટંબના ॥ એ આંકણી ॥
તેહને શ્રીપુંજે આપીઓ, બહુ મૂલ્ય રયણ અલંકાર રે ।
કહે ધનદેવને તુમ્હે આપજ્યો, કરી આદર અતિ સતકાર રે જૂઓ૦ ॥૬॥
કહેજ્યો સંદેસો ઇણિ પરે, તુમ્હે આવો આણે ઠામિ રે ।
નિજ નારિ સંભાલો મોદસ્યું, તુમ્હ ન ઘટે એહવું કામ રે જૂઓ૦ ॥૭॥
હવઇ સાગરદત્ત પણિ ચાલિઓ, ઓલંઘ્યો સાગર જિહાજ રે ।
પોહતો હસંતી નયરિઇં, કરે તિહાં વ્યવસાયનાં કાજ રે જૂઓ૦ ॥૮॥
ધનદેવ ઘરિં ગયો અન્યદા, નવિ દીઠો તિહાં ધનદેવ રે ।
તવ પૂછે તેહની નારિને, ભાષો મુઝને તતખેવ રે જૂઓ૦ ॥૯॥
ધનદેવ કિહાં છે દાખવો, તવ બોલી તે સુણો નારિ રે ।
દેશાંતરે વ્યાપારે ગયો, આવસ્યે દિન દસ બાર રે જૂઓ૦ ॥૧૦
કહે સારથવાહ નારી પ્રતે શ્રીપુંજે દિઓ અલંકાર રે ।
ધનદેવ જમાઇનિઇ કારણે, શ્રીમતિ તસ ઝૂરે નારિ રે જૂઓ૦ ॥૧૧॥
તે કારણ તેડ્યા છે તિહાં, તબ બોલી તે બિહું નારિ રે ।
તે વાત તેહુ કહેતાં હતા, ઉચ્છુકતા ચિત્ત બહુ ધારિ રે જૂઓ૦ ॥૧૨॥
પણિ કાર્યવસે દેસાંતરે, જાવું પડિઉ તતકાલ રે ।
જાતાં તિણે ઇંણિ પરિ ભાષિઉં, ધરી હર્ષનઇ થઈ ઉજમાલ રે જૂઓ૦ ॥૧૩॥
રત્નપુરથી આવઇ જો કોઈ, આપજ્યો તસ એ સુકરાજ રે ।
મુઝ નારિ નવોઢા રમણને, વલી પ્રેમ ઉપાવણ કાજ રે જૂઓ૦ ॥૧૪॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેજ્યો વલી સુસરો મોકલે, ઇંમ કહી આપ્યું તસ હાથિ રે ।
શુક સહિત રૂડું પાંજરું, લીધી અલંકૃતિની આથિ રે જૂઓ ॥૧૫॥
હવઇં સાગરદત્ત તે નયરમાં, કરી ક્રયવિક્રય વ્યવહાર રે ।
ચઢીઓ ઘરિ જાવા પ્રવહણેં, ક્રમે સાગર પામ્યો પાર રે જૂઓ૦ ॥૧૬॥
ઉતરી હવેં નયરમાં સંચર્યો, પોહતો શ્રીપુંજનેં ગેહ રે ।
કહ્યો સર્વ વૃત્તાંત તે સેઠનેં, જે નારિઇં ભાષ્યો તેહ રે જૂઓ૦ ॥૧૭॥
આ શુકપંજર તિણેં આપિઉં, નારીનેં રમવા હેત રે ।
તે લેઈનિઇં અતિ મોદસ્યું, નિજ પુત્રીનેં દેઇં સંકેત રે જૂઓ૦ ॥૧૮॥
ભરતારપ્રસાદ એ માનતી, શુકસ્યું રમતી સુરસાલ રે ।
પુણ્યઉદય થસ્યેં હવે એ કહી, 'પંદ્મવિજયેં' બારમી ઢાલ રે જૂઓ૦ ॥૧૯॥

॥ સર્વ ગાથા ૨૮૪ [૨૮૨] ॥

॥ દુહા ॥

રમતાં રમતાં એકદા, દવરક દીઠો પાય ।
વિસ્મય પામી ત્રોડીઓ, તવ તિહાં અચરિજ થાય ॥૧॥
મૂલ રૂપેં ધનદેવને, દેખી હરષ ન માય ।
વિસ્મય લહીનેં પૂછતી, પ્રણમી નિજ પતિપાય ॥૨॥
સ્વામી એ અદ્ભૂત કિસ્યું, કહો મુઝનેં અવદાત ।
તે કહેં જિમ દેષો તુમ્હે, તિમ જ અછેં એ વાત ॥૩॥
હિમણાં અધિક મ પૂછસ્યો, સાંભલી એહ વિચાર ।
હરષેં જઇ નિજ તાતનેં, ભાષ્યો તેહ પ્રકાર ॥૪॥

॥ ઢાળ ૧૩ ॥

॥ આવો જમાઈ પ્રાહુણા જયવંતા જી—એ દેશી ॥

શ્રીપુંજ સેઠ હવેં હરષસ્યું જયવંતા જી જોઇ જમાઈરૂપ ગુણવંતા જી ।
અતિ હરષિત સહુ કુટુંબ તે જયવંતા જી સાંભલી તેહ સ્વરૂપ ગુણવંતા જી ॥૫॥
અતિ આદર સનમાનથી જયવંતા જી રહેંવાને આવાસ ગુણવંતા જી ।
આપ્યો સ્વર્ગવિમાન સ્યો જયવંતા જી બહુ ધન પૂરિત આસ ગુણવંતા જી ॥૬॥
તિહાં ધનદેવ સુખેં રહેં જયવંતા જી નવ પરણિત લેઈ નારિ ગુણવંતા જી ।
સ્વેચ્છાઇં અતિ સ્નેહથી જયવંતા જી ભોગવેં ભોગ શ્રીકાર ગુણવંતા જી ॥૭॥
જાણેં પુણ્યઉદય થકી જયવંતા જી પામ્યો ફિરી અવતાર ગુણવંતા જી ।
કરેં વ્યવસાય ઘણા તિહાં જયવંતા જી સકલ કલા ભંડાર ગુણવંતા જી ॥૮॥
લાભ ઘણો તેહમાં થયો જયવંતા જી દ્રવ્ય પાત્ર હુઓ તામ ગુણવંતા જી ।
કાલ કેતોહિક નીંગમે જયવંતા જી રહેતાં તિણહી જ ઠામ ગુણવંતા જી ॥૯॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇંદ્રજાલ સુપના સમો જયવંતા જી એહ અનિત્ય સંસાર ગુણવંતા જી ।
આઉખયેં તિણેં કારણેં જયવંતા જી સેઠ ગયા યમદ્વાર ગુણવંતા જી ॥૧૦॥

ભાઇ ભોજાઇ એકમનાં જયવંતા જી શ્રીમતિ ઉપરિ રાગ ગુણવંતા જી ।
અલ્પ થયો તિહાં અનુક્રમેં જયવંતા જી વિરુઈ બોલેં વાગ ગુણવંતા જી ॥૧૧॥
યત :—

સ્ત્રી પીહર નર સાસરેં સંજમીઆં સહવાસ ।
એતાં હોય અલખાંમણાં જો મંડે થિર વાસ ॥ ૧ ॥

શ્રીમતિ નિજ ભરતારસ્યું જયવંતા જી જાવાનેં પરિણામ ગુણવંતા જી ।
મન ચિંતે ભરતારનોં જયવંતા જી કેહવો રહેંવાનો ઠામ ગુણવંતા જી ॥૧૨॥

કેહવી હોય નારી અચ્છેં જયવંતા જી જોઉં તાસ સ્વરૂપ ગુણવંતા જી ।
ઉતકંઠિત ચિત્ત તેહસ્યું જયવંતા જી કહેં પતિનેં કરી ચુંપ ગુણવંતા જી ॥૧૩॥

જનકનું ઘર નિજ સ્વામિજી જયવંતા જી નવિ દેખાડો કેમ ગુણવંતા જી ।
સાસરેં રહેવું નારિનેં જયવંતા જી જનકગૃહેં નર નેમ ગુણવંતા જી ॥૧૪॥

જસ કીરતિ પામેં ઘણી જયવંતા જી અન્યથા હોય અપમાન ગુણવંતા જી ।
તવ બોલ્યો ધનદેવ તે જયવંતા જી અવસરેં મેલસ્યું તાન ગુણવંતા જી ॥૧૫॥

ધીરયવંતી શ્રીમતી જયવંતા જી મૌન કરી રહી તામ ગુણવંતા જી ।
વલી કાલાંતરે એકદા જયવંતા જી શ્રીમતિ કહે સુણો સ્વામિ ગુણવંતા જી ॥૧૬॥

ત્રણ્ય જાતિના પુરુષ છેં જયવંતા જી જઘન્ય ઉત્તમ નર જાત ગુણવંતા જી ।
ત્રીજા મધ્યમ જાણીઇં જયવંતા જી પ્રથમ સ્વસુરગુણેં ખ્યાતિ ગુણવંતા જી ॥૧૭॥

નિજ ગુણ ખ્યાતિ ઉત્તમ કહ્યા જયવંતા જી મધ્યમ બાપ ગુણેણ ગુણવંતા જી ।
તિણેં તુમ્હનેં રહેતાં ઇહાં જયવંતા જી સ્વસુર તણેં દ્રવ્યેણ ગુણવંતા જી ॥૧૮॥

ઉત્તમતા નવિ એહમાં જયવંતા જી વલી સુણો ત્રણ પ્રકાર ગુણવંતા જી ।
બાપગુણેં ઉત્તમ કહ્યા જયવંતા જી મધ્યમ માત પ્રકાર ગુણવંતા જી ॥૧૯॥

નારિગુણેં જે વિસ્તર્યા જયવંતા જી તેહ જઘન્ય કહેંવાય ગુણવંતા જી ।
યદ્યપિ ગુણવંતા તુમ્હે જયવંતા જી સકલ કલાના ઠાય ગુણવંતા જી ॥૨૦॥

સમરથ દ્રવ્ય ઉપાર્જવા જયવંતા જી તો પણિં ઇમ કહેવાય ગુણવંતા જી ।
જમાઇ શ્રીપુંજ શેઠનોં જયવંતા જી કહે જનનો સમવાય ગુણવંતા જી ॥૨૧॥

તિણેં જો ઉત્તમ પુરુષના જયવંતા જી મારગની કરો ચાહ ગુણવંતા જી ।
જનમભૂમિ તો અનુસરો જયવંતા જી સ્યું કહિઇં ઘણું નાહ ગુણવંતા જી ॥૨૨॥

એહ મદનના રાસમાં જયવંતા જી તેરમી ભાખી ઢાલ ગુણવંતા જી ।
'પદ્મવિજય' કહેં આગલિં જયવંતા જી વાત ઘણું સુરસાલ ગુણવંતા જી ॥૨૩॥

॥ સર્વ ગાથા ૩૦૭ [૩૦૫] ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

ધનદેવ નારિવયણથી, બોલે ઇંણિ પરિ બોલ ।
સ્વસુર તણે ઘરિ જે રહે, જાણું તેહ નિટોલ ॥૧॥
પણિ છમકા ભાજી તણા, નવિ વિસરિયા મુઝ ।
હૈયામાં ખટકે ઘણા, સ્યું ભાષું હું તુઝ ॥૨॥
તે સાંભલી શ્રીમતી કહે, છમકાની કહો વાત ।
તવ તે ધુરથી સવિ કહે, છમકાનો અવદાત ॥૩॥

॥ ઢાળ ૧૪ ॥

॥ રૂડી નેં રઢીઆલિ રે વાલ્હા તારી વાંસલી રે—એ દેશી ॥

રૂડી નેં રઢિઆલિ રે સુગુણા શ્રીમતિ રે ।
હસિનેં બોલી તવ તિણી વાર, એહનો સ્યો ગણવો ચિત્ત ભાર રૂડી નેં૦ ॥૪॥
મુઝને દેષાવો રે તે તુમ્હ ભારયા રે ।
શકતિ હું જોઉં કેહવી તાસ, મુઝનેં જોવા અતિ પિપાસ રૂડી નેં૦ ॥૫॥
શંકા મુકી રે ચાલો નિજ ઘરેં રે ।
તુમ્હનેં બાધા નહીં લગાર, મુઝ સરિષી પાસેં થકાં નાર રૂડી નેં૦ ॥૬॥
તેહ સુણીનેં ધીરય ધારતો રે ।
દ્રવ્ય કરી સહુ ભેલો તામ, સાથેં લેઇ પોતાની વામ રૂડી નેં૦ ॥૭॥
સયણનેં પૂછી રે ધનદેવ ચાલીઓ રે ।
સાગર ઉતરી પામ્યો પાર, પોહતો હસંતી નયરી મઝાર રૂડી નેં૦ ॥૮॥
બહુ ધન દેતો રે દીન અનાથને રે ।
ગંધહસ્તિ પરિં પોહતો દ્વારિ, વિસ્મય પામી તબ બિહું નારિ રૂડી નેં૦ ॥૯॥
એ સ્યો અચંભો રે આવ્યો કિહાં થકી રે ।
શુક ટલીઓ કિમ ધરે સંદેહ, મલપતો આવ્યો એ નિજ ગેહ રૂડી નેં૦ ॥૧૦॥
ઇંમ વિચારી રે બિહું ઉભી થઈ રે ।
જાણિઇં હિયડેં હરષ ન માય, કરેં મંગલ ઉપચાર બનાય રૂડી નેં૦ ॥૧૧॥
ગૌરવ કરતી રે વિનય દેષાવતી રે ।
ચિત્રશાલીમાં લાવી તામ, સિંહાસન માંડયું તિણેં ઠામ રૂડી નેં૦ ॥૧૨॥
ધનદેવ બેઠો રે સાથેં શ્રીમતી રે ।
કુશલ ખેમની પૂછેં વાત, ધનદેવ કહે મુઝ છે સુખશાત રૂડી નેં૦ ॥૧૩॥
મોટી ભાષેં રે નાહનીનેં સુણો રે ।
જલથી પખાલો પિઉના પાય, લઘુ પણિ શીઘ્ર થઇ જલ લાય રૂડી નેં૦ ॥૧૪॥
ભક્તિથી નાંહની રે પાય પષાલતી રે ।
ત્રાંબાકુંડી માંહિ તેહ, તે જલ મોહટી ગ્રહી સનેહ રૂડી નેં૦ ॥૧૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંત્રે મંત્રી રે તિમ આચ્છોટિઉં રે ।
પ્રથવી ઉપરિ બલથી તામ, મંત્રનો મહિમા અચિંત્ય છે આમ રૂડી નેં૦ ॥૧૬॥
વધવા લાગું રે પાણી વેલિ જ્યું રે ।
ભય પામ્યો ધનદેવ અત્યંત, શ્રીમતિ સાહમું જોવે તંત રૂડી નેં૦ ॥૧૭॥
શ્રીમતી ભાષે રે મત બીહજે મનેં રે ।
પાણી વધતું ચાલ્યું જાય, અનુક્રમેં ઘુંટી પગ બોલાય રૂડી નેં૦ ॥૧૮॥
ઢીંચણેં આવ્યું રે સાથલો બુડતી રે ।
કટિતટ નેં વલી નાભિ પ્રમાણ, ઉદર હૃદય નેં કંઠને માણ રૂડી નેં૦ ॥૧૯॥
વધતું વધતું રે નાસાઇં અડ્યું રે ।
ધનદેવ મનમાં અતિ ખેદાય, કિમ થાસ્યે જલ વધતું જાય રૂડી નેં૦ ॥૨૦॥
શ્રીમતિ ભાષેં રે ભય મન માંણજ્યો રે ।
કરું એહનો હવેં હું પ્રતિકાર, જોજ્યો માહરો ચમત્કાર રૂડી નેં૦ ॥૨૧॥
ઘુંટડેં એકેં રે તે જલ પી ગઈ રે ।
જિમ નવિ ધરતીઇં જલ દેષાય, એક બિંદુ નવિ તિણેં ઠાય રૂડી નેં૦ ॥૨૨॥
બિહું તે નારિ રે શ્રીમતી પાય પડેં રે ।
શકતિં જીતી તેં ઇંણિ વાર, તું વિદ્યા ગુણનો ભંડાર રૂડી નેં૦ ॥૨૩॥
તુઝનેં આરાધ્યું રે સ્વામિનીની પરિં રે ।
ત્રણ પ્રીતિ પરસ્પર જોડિ, કામ કરેં ઘરનાં મન કોડિ રૂડી નેં૦ ॥૨૪॥
ક્ષુદ્ર વિદ્યાઇં રે ત્રણેં બરાબરી રે ।
પ્રીતિ ઘણી નિત્ય વધતી જાય, સરિષેં શીલેં સહુ સમ ઠાય રૂડી નેં૦ ॥૨૫॥
દોય સમ ત્રીજી રે સ્વેચ્છાચારિણી રે ।
અવગુણિ સંગેં અવગુણ થાય, ગુણ સઘલા તસ નાસી જાય રૂડી નેં૦ ॥૨૬॥
યત :—

अंबस्स य निंबस्स उ दोण्ह वि समा गयाइं मूलाइं ।
संसग्गीए विणट्ठो अंबो निंबत्तणं पत्तो ॥१॥

ધનદેવ ચિંત્તેં રે મનમાં ઇંણિ પરિં રે ।
જો એ બિં સમ ત્રીજી થાય, તો હું શરણ કરું કિહાં જાય રૂડી નેં૦ ॥૨૭॥
રાષસી સરષી રે ત્રણને છાંડિનેં રે ।
કરું હવેં આતમ કેરુ હિત, જિમ નવિ હોય મુઝ એહવી ભીત રૂડી નેં૦ ॥૨૮॥
ધન્ય ધનદેવ રે જિણેં ઇંમ ચિંતવ્યું રે ।
તે કહ્યું ચૌદમી ઢાલ મઝારિ, 'પદ્મવિજય' હવેં જયજયકાર રૂડી નેં૦ ॥૨૯॥

સર્વ ગાથા ૩૩૬ [૩૩૪]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

કાંયક કારય મિસ કરી, ઘર છોડણને હેત ।
રીષભદેવને દેહરે, આવ્યો ધર્મસંકેત ॥૧॥

તે ધનદેવ હું જાણજે, બેઠો તાહરી પાસ ।
સુડાપણું મ્હેં અનુભવ્યું, કેવલ દુખ આવાસ ॥૨॥

પશુતા આવી ઢુંકડી, પણિ કોઈ દૈવ સંયોગ ।
પશૂપણું નવિ પામીઆ, તિણે તુમ્હે સુખીઆ લોગ ॥૩॥

મ્હેં તો મ્હારા તનુ થકી, દુખ અનુભવિઉં જોર ।
તિણે તુમ્હથી મુઝ આકરાં, જાણો કર્મ કઠોર ॥૪॥

મદન સુણી રીઝયો ઘણું, વિસ્મય લહી કહે ઈમ ।
તુમ્હ દુખ જાણી કીજીઇં, આતમ હિત બિહું નેમ ॥૫॥

॥ ઢાળ ૧૫ ॥

॥ બે બે મુનિવર વહેંરણ પાંગર્યા જી—એ દેશી ॥

ઇંણિ અવસરિ તિહાં મુનિવર આવીઆ જી, વિમલબાહુ જસુ નામ રે ।
બહુ મુનિવરને વૃંદે પરિવર્યા જી, સાધુગુણે અભિરામ રે ઈંણિ૦ ॥૬॥
પંચ સુમતિં સુમતા સદા જી, ત્રણ ગુપતિના ધાર રે ।
દસવિધ સાધુ ધરમ આરાધતા જી, ભાવના ભાવતા બાર રે ઈંણિ૦ ॥૭॥
જિનવર ચૈત્યમાં જિનવર વાંદીઆ જી, સ્તવના કરીને સ્તવીઆ દેવ રે ।
તેહ મંડપમાં મુનિવર આવીઆ જી, જિહાં મદન ધનદેવ રે ઈંણિ૦ ॥૮॥
શિષ્યે કંબલ પ્રાસુક થાનકે જી, પાથર્યું આવી બેઠા તામ રે ।
ભક્તિથી બિહું જણે મુનિવર વંદીઆ જી, કરિય પંચાંગ પ્રણામ રે ઈંણિ૦ ॥૯॥
ધર્મલાભ દીધો મુનિવરે જી, જ્ઞાને કરી જાણી તાસ ચરિત્ર રે ।
ધરમદેશના દિઈ પ્રતિબોધિની જી, સાંભલો પ્રાણી કર્મ વિચિત્ર રે ઈંણિ૦ ॥૧૦॥
જીવિત તટિની પૂર સમું કહ્યું જી, નટપેટક સમ એહ કુટુંબ પરિવાર રે ।
શરદના અભ્ર સમી લષમી કહી જી, ધર્મમાં જે મુંઝે તે ગમાર રે ઈંણિ૦ ॥૧૧॥
આપદ કાલે શરણ ન કો હોઇ જી, સ્વારથ તત્પર એ પરિવાર રે ।
શડન પડન વિધ્વંસિ એ તનુ જી, લલનાં કૂડ કપટ આગાર રે ઈંણિ૦ ॥૧૨॥
ઈંણિ પરિં વિઘનભર્યા સંસારમાં જી, જીવને સુખ નહીં લવલેશ રે ।
વિષયનું સુખ અણુ સમ તે માનતો જી, તે લલનાં આયત્ત છે સુવિશેશ રે ઈંણિ૦ ॥૧૩॥
લલનાં તો આપદાની છે પ્રિય સખી જી, સાપિણ વાઘણિ રાષસણીને તોલ રે ।
સ્વર્ગની ભોગલ નરગની દીપિકા જી, રાચે કૂંણ પંડિત જેહ અમોલ રે ઈંણિ૦ ॥૧૪॥
કાર્ય અકારય ન ગણે પ્રાણિઓ જી, વિવિધ પ્રકારનાં કરતો પાપ રે ।
તેથી એ સંસારમાંહિં ભમે જી, ખમતો તે ચિહું ગતિનાં દુખ આપ રે ઈંણિ૦ ॥૧૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે કારણ તુમ્હે ધર્મ સમાચરો જી, વિષયથી વિરમી મહાનુભાવ રે ।
સર્વ વિરતિ રૂડી અંગીકરો જી, ધર્મકારયમાં આણી ભાવ રે ઈણિ૦ ॥૧૬॥
નિગ્રહ કીજે સર્વ કષાયનો જી, ઈંદ્રિય જે છે ચપલ તુરંગ રે ।
દુર્દમ દમીઈં તપથી તેહને જી, ગુરુકુલવાસે વસિઈં રંગ રે ઈણિ૦ ॥૧૭॥
ઉપસર્ગ ને વલી સહીઈં પરિસહા જી, તો ભવસાયર તરિઈં ભવ્ય રે ।
જનમ જરા કલ્લોલે ન બૂડીઈં જી, નિરમલ હોઈ શુદ્ધાતમ દ્રવ્ય રે ઈણિ૦ ॥૧૮॥
સકલ સંસારિક દુખને વામતા જી, અકલ અબાધિત લહે નિરવાણ રે ।
નિરદ્વંદ્વી શાશ્વત સુખને અનુભવે જી, વિલસે વર કેવલ દંસણ નાણ રે ઈણિ૦ ॥૧૯॥
દેશના સાંભલી મન સંવેગીઆ જી, મદન ને ધનદેવ પ્રણમી પાય રે ।
કહે ભવઅંધકૂઆથી ઉધર્યો જી, દીક્ષા કર આલંબને ગુરુરાય રે ઈણિ૦ ॥૨૦॥
કરો ઉપગાર સ્વામી અમ્હ રાંકને જી, ગુરુઈં પણિ દીક્ષા દીધી તામ રે ।
ગ્રહણ આસેવના શિક્ષા બિહું ગ્રહે જી, દ્વાદશાંગી ધરે જિમ નિજ નામ રે ઈણિ૦ ॥૨૧॥
તીવ્ર તપ ચરણ આરાધે બિહું મુની જી, બિહું જણ સ્નેહ પરસ્પર ધાર રે ।
ગુરુકુલવાસે વસતા બિહું જણા જી, પ્રાઈં તે સાથે કરતા વિહાર રે ઈણિ૦ ॥૨૨॥
અણસણ આરાધી ગયા સોહમે જી, પંચ પલ્યોપમ આય રે ।
ઢાલ પનરમી 'પદ્મવિજયે' કહી જી, શ્રીગુરુ ઉત્તમવિજય પસાય રે ઈણિ૦ ॥૨૩॥

॥ સર્વ ગાથા ૩૫૯ [૩૫૭] ॥

॥ દુહા ॥

દેવભવે પ્રીતિ જ ઘણી, કરતા કાર્ય અસેસ ।
તિહાંથી ચવી હવે ઉપના, તે સાંભલો સુવિશેસ ॥૧॥

॥ ઢાળ ૧૬ ॥

॥ કરકંડુને કરું વંદના હું વારિ લાલ—એ દેશી ॥

મદન જીવ હવે ઉપનો હું વારિ લાલ, મહાવિદેહ મઝાર હું વારિ લાલ ।
નયર વિજયપુર સોહતું હું વારિ લાલ, અલકાપુરી અનુહાર રે હું વારિ લાલ મદન૦ ॥૨॥
સમરસેન તિહાં રાજીઓ હું વારિ લાલ, વિજયાવલી તસ નાર રે હું વારિ લાલ ।
મણિપ્રભ નામે તે થયો હું વારિ લાલ, સકલ કલા સિરદાર રે હું વારિ લાલ મદન૦ ॥૩॥
યૌવન પામ્યો જેતલે હું વારિ લાલ, પરણાવ્યો તસ તામ રે હું વારિ લાલ ।
પલિ દેષી પ્રતિબુઝિઓ હું વારિ લાલ, થાપ્યો સુત નિજ ઠામ રે હું વારિ લાલ મદન૦ ॥૪॥
મણિપ્રભ રાજ્યને પાલતો હું વારિ લાલ, વશ કીધા બહુ રાય રે હું વારિ લાલ ।
સામંત મંત્રીશ્વર ઘણા હું વારિ લાલ, પ્રેમે પ્રણમે પાય રે હું વારિ લાલ મદન૦ ॥૫॥
કાલ ગયો ઇંમિ કેતલો હું વારિ લાલ, ગજ ચઢીઓ એક દિન્ન રે હું વારિ લાલ ।
રયવાડીઈં નીકલ્યો હું વારિ લાલ, કરી એકાગર મન્ન રે વારિ લાલ મદન૦ ॥૬॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક સરોવર મોટિકું હું વારિ લાલ, કમલ વિકશ્વર માંહિં રે હું વારિ લાલ ।
ગગન તારાગણુની પરિં હું વારિ લાલ, શોભેં અતિશય ત્યાંહિ રે હું વારિ લાલ મદન૦ ॥૭॥
દેષી રમણિકતા ઘણી હું વારિ લાલ, જોઈ રહ્યો ચિરકાલ રે હું વારિ લાલ ।
પાયક પાસેં અણાવિઉં હું વારિ લાલ, એક કમલ તતકાલ રે હું વારિ લાલ મદન૦ ॥૮॥
રાય ગયો હવેં આગલેં હું વારિ લાલ, વલીઓ તેહ જ માગ રે હું વારિ લાલ ।
તેહ સરોવર દેષિઉં હું વારિ લાલ, શોભા ગઈ તે અલગ્ગ રે હું વારિ લાલ મદન૦ ॥૯॥
અહો કહો સ્યું થયું હું વારિ લાલ, પૂછેં પરિજન રાય રે હું વારિ લાલ ।
પરિજન કહેં સુણો નરપતી હું વારિ લાલ, જિમ શોભા કમલાય રે હું વારિ લાલ મદન૦॥૧૦॥
કમલ એકેકું સહુ લિઇં હું વારિ લાલ, તવ એ નીપનું ઇંમ રે હું વારિ લાલ ।
સુણી રાજા મન ચિંતવે હું વારિ લાલ, અહો એ સરોવર જેમ રે હું વારિ લાલ મદન૦ ॥૧૧॥
રાજ રીદ્ધિ વિણુ નર તથા હું વારિ લાલ, નવિ શોભે કોઈ કાલ રે હું વારિ લાલ ।
રીદ્ધિ અશાશ્વતી જાણિંઇં હું વારિ લાલ, સુપન નેં જિમ ઇંદ્રજાલ રે હું વારિ લાલ મદન૦ ॥૧૨॥
રમણીક જિમ કિંપાકનાં હું વારિ લાલ, ફલ કડુઆં પરિણામ રે હું વારિ લાલ ।
ઇત્યાદિક ચિંતાપરો હું વારિ લાલ, ચાલ્યો આગલિ જામ રે હું વારિ લાલ મદન૦ ॥૧૩॥
તવ દીઠા ઉદ્યાનમાં હું વારિ લાલ, સૂરી જિનેશ્વર નામ રે હું વારિ લાલ ।
ધર્મકથા કહેંતા થકા રે હું વારિ લાલ, કીધો તાસ પ્રણામ રે હું વારિ લાલ મદન૦ ॥૧૪॥
દેશના સાંભલી હર્ષસ્યું હું વારિ લાલ, સુતનેં સુંપી રાજ્ય રે હું વારિ લાલ ।
સંયમ લિઇં સૂરિ કનેં હું વારિ લાલ, આપ થયા રીષીરાજ રે હું વારિ લાલ મદન૦ ॥૧૫॥
તીવ્ર તપસ્યા આદરી હું વારિ લાલ, પાલેં શુદ્ધ આચાર રે હું વારિ લાલ ।
ગગન ગામિની ઉપની હું વારિ લાલ, લબ્ધિ બીજી પણિ સાર રે હું વારિ લાલ મદન૦ ॥૧૬॥
અવધિનાણુ વલી ઉપનું હું વારિ લાલ, જાણેં જગત સ્વભાવ રે હું વારિ લાલ ।
વિચરેં પ્રથિવી પાવન રે હું વારિ લાલ, લબ્ધિતણેં પરભાવ રેં હું વારિ લાલ મદન૦ ॥૧૭॥
ધનદેવ જીવ હવઇં ઉપનો હું વારિ લાલ, તે સુણજ્યો અધિકાર રે હું વારિ લાલ ।
નગ વૈતાઢ્ય સોહેં ઘણું હું વારિ લાલ, જોયણુ પંચાસ વિસ્તાર રે હું વારિ લાલ ધનદેવ૦॥૧૮॥
જોયણુ પચીસ ઉંચો વલી હું વારિ લાલ, ગગનસ્યું કરતો વાત રે હું વારિ લાલ ।
નિર્ઝર કણુ શીતલ ઘણા હું વારિ લાલ, ફરસી પવન આયાત રે હું વારિ લાલ ધનદેવ૦ ॥૧૯॥
તિણેં સુર કિન્નર યક્ષનાં હું વારિ લાલ, સુખીઆં મિથુન ઉદ્યાન રે હું વારિ લાલ ।
રયણિંઇ ઓષધી દીપતી હું વારિ લાલ, દીપેં દીપ સમાન રે હું વારિ લાલ ધનદેવ૦ ॥૨૦॥
તિહાં નયર વર નામથી હું વારિ લાલ, રથનેઉર ચક્રવાલ રે હું વારિ લાલ ।
પ્રતિભવનેં જિહાં ધૂપના હું વારિ લાલ, ધૂમ્ર તે મેઘની માલ રે હું વારિ લાલ ધનદેવ૦ ॥૨૧॥
રયણમણિ પંક્તી તણી હું વારિ લાલ, પ્રભાતે ઇન્દ્રચાપ રે હું વારિ લાલ ।
ગગનેં વિદ્યાધર મણિ તણા હું વારિ લાલ, કિરણ તે વીજલી વ્યાપ રે હું વારિ લાલ ધનદેવ૦ ॥૨૨॥
સોલમી ઢાલ સોહામણી હું વારિ લાલ, શ્રીગુરુ ઉત્તમ સીસ રે હું વારિ લાલ ।
'પદ્મવિજય' કહે પુણ્યથી હું વારિ લાલ, હોઇં જગમાં જગીસ રે હું વારિ લાલ ધનદેવ૦॥૨૩॥

॥ સર્વ ગાથા ૩૮૨ [૩૮૦] ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

વિદ્યાધર ચક્રી વડો, મહેંદ્રસીંહ અભિધાન ।
બહુ વિદ્યાધર પય નમેં, તેહ મહેંદ્ર સમાન ॥૧॥
દસ દિસ જસ કીરતિ ઘણી, કરતો સબલો ન્યાય ।
બંધુનેં પણિ પરિહરેં, જો જાણે અન્યાય ॥૨॥
ન્યાયવંતનેં બંધુ પરિ, જાણે તેહ નરિંદ ।
પરરામાથી પરમુંહો, ગુણગણ કેરો વૃંદ ॥૩॥
રાણી રયણમાલા ભલી, પાણી પદ્મ સમાન ।
ખાણી સોહગ ગુણ તણી, વાણી કોકિલ માન ॥૪॥
રાયહાણી કંદર્પની, પહિંચાણી મુખચંદ ।
રીસાણી દોષાવલી, જાંણી લોયણ અરવિંદ ॥૫॥
સુખ ભોગવતાં દંપતી, દોય પુત્ર થયા તાસ ।
રતનચૂડ મણિચૂડ તિમ, કરેં કલાઅભ્યાસ ॥૬॥
સાધી વિદ્યા બિહું જણેં, પાંમ્યા યોવનવેશ ।
પરણાવ્યા બિહું પુત્રનેં, રતનચૂડ સુવિશેસ ॥૭॥
યોગ્ય જાણીનેં ખગપતિ, રતનચૂડનેં તામ ।
પદવી દિઇં યુવરાજની, રાજ્યભારનાં કામ ॥૮॥

॥ ઢાળ ૧૭ ॥

॥ જગત ગુરુ હીરજી રે દેશી—એ દેશી ॥

ઇંણિ અવસરેં હુવેં એકદા રે, અશુભ કરમનેં યોગ ।
પૂર્વ નિકાચિત ઉદયથી, રાણીનેં થયો રોગ ॥૯॥
દેખો ગતિ કર્મની રે, કર્મેં સુખ દુઃખ હોય ॥
રતનમાલા રાણી તણેં રે, અંગે જવર અસરાલ ।
ભૂષ ગઈ અન્ન નવિ રુચેં રે, ટલવલેં જ્યું મચ્છ જાલ દેખો૦ ॥૧૦॥
દાહ ઘણો અંગેં થયો રે, બલતી ઝૂરેં જોર ।
બિણ પિણ નિદ્રા નવિ લહેં રે, થિર ન રહેં ઇંકઠોર દેખો૦ ॥૧૧॥
મુખ કમલાણું માલતી રે, ફૂલ તે જિમ કમલાય ।
રાજવૈદ્ય બહુ તેડિયા રે, વિકલપ બહુ કરેં રાય દેખો૦ ॥૧૨॥
ઔષધ વિવિધ પ્રકારનાં રે, કરતા તેહ ઉપાય ।
મંત્રવાદી મંત્રે ઘણા રે, પણિ તે ગુણ નવિ થાય દેખો૦ ॥૧૩॥
રાણીનેં રોગ વ્યાપીઓ રે, વૈદ્યે જાણી અસાધ્ય ।
હાથ ખંખેરી ઉઠીઆ રે, કોઈ ઉપાય ન લાધ દેખો૦ ॥૧૪॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુક્રમેં આયુ અથિરથી રે, છાંડચા 'તેણિઈં પ્રાણ ।
તબ આક્રંદ તે ઉછલ્યો રે, રોવેં સહુ તિણ ઠાણ દેષો૦ ॥૧૫॥

રાય આંસુભર લોયણેં રે, કરતો અનેક વિલાપ ।
હા દેવી તું મુઝનેં રે, કિમ નવિ આપેં જબાપ દેષો૦ ॥૧૬॥

પોક મેલ્હી રાજા રૂઈ રે, બોલેં રોતી વાણિ ।
કંકેલ્લિ દલ રાતડા રે, હા તુઝ ચરણ નેં પાણિ દેષો૦ ॥૧૭॥

નેત્ર તે કમલનાં દલ સમાં રે, ચંદવયણી દે બોલ ।
કુંદ સુંદર દંત તાહરા રે, વિદ્રુમ અધર અમોલ દેષો૦ ॥૧૮॥

તુઝનેં કિહાં હવઈ દેષસ્યું રે, ત્રિભુવન સૂનું આજ ।
ભાસેં તુઝ વિણ મુઝનેં રે, ઈમ રોવેં મહારાજ દેષો૦ ॥૧૯॥

દાઘ દેઈ હવેં તેહને રે, હોય પુત્રસ્યું રાય ।
રોતો ન રહેં કોયથી રે, ન કરેં કાંય વ્યવસાય દેષો૦ ॥૨૦॥

રાજકાજ સવિ છાંડીઓ રે, રહેં યોગીશ્વર રીતિ ।
મંત્રી પ્રમુખ મિલી રાયનેં રે, ઈમ સમઝાવેં નીતિ દેષો૦ ॥૨૧॥

તુમ્હ સરિષા ધીર પુરુષનેં રે, ન ઘટેં કરવો શોક ।
રાજ્ય સીદાઈ તુમ્હ તણું રે, દુખીઓ હોઈ લોક દેષો૦ ॥૨૨॥

ઉતપતિ લય યુત સર્વ છેં રે, થિર નહીં જગમાં કાંય ।
સમઝાવ્યો સમઝેં નહીં રે, અધિક ધરેં દુઃખ રાય દેષો૦ ॥૨૩॥

રાણી સાંભરેં ખિણુ ખિણું રે, દુઃખ ધરેં તાસ વિયોગ ।
શાતા કહિઈં નવિ લહેં રે, કઠિન કરમના ભોગ દેષો૦ ॥૨૪॥

શ્રી ગુરુ ઉત્તમવિજય રે, સાહ્યે એ કહી ઢાલ ।
સત્તરમી હવે પુણ્યથી રે, દુઃખ થાઈં વિસરાલ દેષો૦ ॥૨૫॥

॥ સર્વ ગાથા ૪૦૭ [૪૦૫] ॥

॥ દુહા ॥

ગગન ગામિની લબ્ધીથી, મણિપ્રભ જે અણગાર ।
ગગન મારગથી આવીઆ, તાસ ઉદ્યાન મઝાર ॥૧॥

કુમર સહિત વંદન ભણી, જાય વિદ્યાધર રાય ।
પરમ હરષ ધરતો થકો, પ્રણમેં મુનિવર પાય ॥૨॥

બેઠો નિજ ઉચિતાસનેં, મુનિવર દિઈં ઉપદેશ ।
ભવ્ય જીવ સમઝાવવા, વલી વિશેષ નરેશ ॥૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ૧૮ ॥

॥ વાત મ કાઢો હો વ્રત તણી—એ દેશી ॥

અંગ ચ્યાર કહ્યાં દોહિલ્યાં, તિહાં માનવ અવતાર રે ।
દસ દૃષ્ટાંતે દોહિલો, ભમતાં ઇણુ સંસાર રે ઇમ જાણી વ્રત આદરો ॥૪॥

પૃથિવી જલ તેઉ વાઉમાં, કાઢેં અસંખ્યાતો કાલ રે ।
તિમ અનંત વનસ્પતી, દુઃખ સહેંતો અસરાલ રે ઇમ૦ ॥૫॥

કાયસ્થિતિ એહની સુણી, ચમકેં ચિત્ત મઝાર રે ।
કાલ સંખ્યાતો વિગલેંદ્રિમાં, નાના ભવ અવતાર રે ઇંમ૦ ॥૬॥

દેવ તિરિ નારકપણેં, ભમવાનો નહીં પાર રે ।
ઇમ ભમતાં નરભવ લહ્યો, પુણ્યતણેં અનુસાર રે ઇય૦ ॥૭॥

તિહાં સિદ્ધાંતનેં સાંભલેં, તે દુર્લભ અતિ જાણો રે ।
ઘાંચી મોચી નેં વાઘરી, આહેડી તણાં ઠાણો રે ઇંમ૦ ॥૮॥

માછી કસાઈ નેં સઈ તણા, છીપા નેં સુતાર રે ।
મ્લેચ્છની જાતિ તે બહુ કહી, તિહાં લીધા અવતાર રે ઇંમ૦ ॥૯॥

નરભવ તે નિષ્ફલ ગયો, સુકુલેં કિમહીક આયો રે ।
આંધો બહેરો ને બોબડો, રોગેં અહેલેં ગમાયો રે ઇંમ૦ ॥૧૦॥

ઇંમ કરતાં ઇંદ્રી પરવડાં પામ્યો સુણવાનેં આવ્યો રે ।
સરધા અતિશય દોહિલી, મિથ્યા મતમાં મુંઝાવ્યો રે ઇંમ૦ ॥૧૧॥

દેવ કુદેવનેં માનતો, કુગુરુને ગુરુ જાણે રે ।
કુધર્મ ધર્મ કરી સેવતો, આશ્રવ ધર્મનેં વાણેં રે ઇંમ૦ ॥૧૨॥

સરધા પુન્યથી પામીઓ, દુર્લભ સંજમ સાર રે ।
વિષય કષાયમાં રાચીઓ, વલી આરંભ અપાર રે ઇંમ૦ ॥૧૩॥

અણુવાહલાં રે આવી મલેં, તિમ વાહલાંનો વિયોગ રે ।
તેહનું દુખ ધરતો ઘણું, ન લહેં તત્ત્વ સંયોગ રે ઇંમ૦ ॥૧૪॥

મોહેં આકુલવ્યાકુલો, કરેં વિષાદ અનેકો રે ।
નવિ જાણેં ઇંદ્રજાલ એ, સુપનથકી અતિરેકો રે ઇંમ૦ ॥૧૫॥

તીર્થંકર ચક્રી જિસ્યા, બલદેવ નેં વાસુદેવ રે ।
કાલેં કોઈ રહ્યા નહીં, જસ કરતા સુર સેવ રે ઇંમ૦ ॥૧૬॥

શાશ્વત સુખનેં જે વર્યા, તેહનેં મરણ ન હોય રે ।
કુશઅગ્રેં જલબિંદુઓ, ચપલ જીવિત તિમ જોય રે ઇંમ૦ ॥૧૭॥

નેત્રકટાક્ષનેં સારિષા, પ્રિય સંગમ મનિ ધારિ રે ।
ગિરિનદીકલ્લોલ સારિષી, લષમી અથિર અસાર રે ઇંમ૦ ॥૧૮॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યૌવન ચપલ તેં જાણિઇં, જેહવો ગજવર કાન રે ।
સંધ્યા રાગ સમો સવે, રૂપ લાવણ્ય પ્રધાન રે ઇંમ૦ ॥૧૯॥

ઢાલ અઢારમી સાંભલી, નૃપ હવેં જેહ પ્રકાસેં રે ।
'પદ્મવિજય' કહેં આગલેં, તેં કહું મદનનેં રાસેં રે ઇંમ૦ ॥૨૦॥

॥ સર્વ ગાથા ૪૨૭ [૪૨૫] ॥

॥ દુહા ॥

વિદ્યાધર ચક્રી કહેં, ભગવંત સુણો મુજ વાત ।
તુમ્હ દેખીને મુઝનેં, હઇયડેં હરષ ન માત ॥૧॥

શોક ગયો મુઝ વેગલો, હૈયડું હસવા જાય ।
તુમ્હ મુખચંદ વિલોકવા, અધિક પીપાસા થાય ॥૨॥

વાત ન જાઇં તે કહી, સ્યું કારણ તસ હોય ।
તુમ્હ સ્યું પૂરવ ભવ તણો, સ્વામી સંબંધ છેં કોય ॥૩॥

તવ ગુરુ બોલ્યા જ્ઞાનથી, છેં તુઝ મુઝ સંબંધ ।
ઇંમ કહી ધનદેવ મદનનો, સઘલો કહ્યો સંબંધ ॥૪॥

ધનદેવ તે તું ઉપનો, મદન તે મુઝનેં જાણ ।
સોહમથી આવ્યા બિહું, એ સંબંધ પ્રમાણ ॥૫॥

તુઝ પ્રતિબોધન કારણે, હું આવ્યો સુણિ રાય ।
જેં કારણે પૂરવ ભવેં, આપણ મિત્ર સુભાય ॥૬॥

સ્ત્રી દુઃખથી ઉદવેગીઆ, લીધો સંજમભાર ।
વસિયા ગુરુકુલેં એકઠા, એક વિમાન મઝાર ॥૭॥

તેહવી નારી કારણેં, કિમ મુંઝાણો આજ ।
સાંભલી ઈહાપાય થકી, જાતિસ્મરણ લહે રાજ ॥૮॥

ભગવન અવિતથ ભાષિઉં, નયણેં દીઠું એહ ।
મુંઝ ઉપરિ અનુગ્રહ કર્યો, પાઉ ધાર્યા સસનેહ ॥૯॥

॥ ઢાળ ૧૯ ॥

॥ મેંદી રંગ લાગો એ—દેશી ॥

નરપતિ કહેં મુનિરાયનેં રે, એ સંસાર અસાર સંયમ રંગ લાગો ।
ભવસાગરમાં બૂડતાં રે, ઉતાર્યો મુઝ પાર સંયમ રંગ લાગો ॥૧૦॥

રાજ્ય ભલાવી પુત્રનેં, આવું છું તુમ્હ પાય સંયમ રંગ લાગો ॥
સંયમ લેસ્યું ઇંમ કહી રે, નરપતિ નિજ ઘરિ જાય સંયમ૦ ॥૧૧॥

સામગ્રી અભિષેકની રે, કરી ઠવીઓ નિજ ઠામ સંયમ૦ ॥
રતનચૂડ રાજા થયો રે, સામંત પ્રણમેં પાય સંયમ૦ ॥૧૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિષામણ દોય પુત્રને રે, દીધી અનેક પ્રકાર સંયમ૦ ॥
પરમ ઓચ્છવ મોચ્છવ કરી રે, જિનમંદિરમાં સાર સંયમ૦॥૧૩॥

પૂજા વિરચાવી કરી રે, સયણને દેઈ સતકાર સંયમ૦ ॥
મણિપ્રભ મુનિ પાસેં જઈ રે, કહે આપો વ્રતભાર સંયમ૦ ॥૧૪॥

દીક્ષા દીધી મુનિવરેં રે, શ્રુતસાયર લહ્યા પાર સંયમ૦ ॥
તપ તપતા અતિ આકરા રે, અભિગ્રહ અનેક પ્રકાર સંયમ૦ ॥૧૫॥

વિદ્યાધર મુનિ અનુક્રમે રે, લબ્ધિ તણાં ભંડાર સંયમ૦ ॥
બિહું મુનિ રાજરીષી હવઈં રે, કરતા ઉગ્ર વિહાર સંયમ૦ ॥૧૬॥

સુમતિ ગુપતિ ઉપયોગિયા રે, સાધુક્રિયા સુવિશેષ સંયમ ॥
શુદ્ધ આહારનો ષપ કરેં રે, પરિસહ સહેતા અશેષ સંયમ૦ ॥૧૭॥

અનુક્રમેં અપૂરવકરણથી રે, શુકલ ધ્યાન બલ જોય સંયમ૦ ॥
ક્ષપકશ્રેણિમાંહિ ચઢેં રે, મોહતણો ક્ષય હોય સંયમ૦ ॥૧૮॥

ક્ષીણમોહી કરેં ક્ષય હવઈં રે, ઘાતી ત્રણિ સમકાલ સંયમ૦ ।
કેવલજ્ઞાન સૂરયતણો રે, થયો પરકાશ વિશાલ સંયમ૦ ॥૧૯॥

લોકાલોક પ્રકાશતા રે, રૂપી અરૂપી સ્વભાવ સંયમ૦ ।
સૂક્ષ્મ બાદરના વલી રે, જાણેં સ્વભાવ વિભાવ સંયમ૦ ॥૨૦॥

શૈલેશીકરણેં કરી રે, સકલ કર્મમલ જાય સંયમ૦ ।
સાદિ અનંત સુખી થયા રે, અજ અજરામર થાય સંય૦ ॥૨૧॥

ઓગણીસેં ઢાલેં કરી રે, સંપૂરણ થયો રાસ સંયમ૦ ॥
મુનિ[૭] પાંડવ[૫] ગજ[૮] ચંદ્રમા[૧] રે, વરસ ને શ્રાવણ માસ સંયમ૦ ॥૨૨॥

પંચમી ઉજવલ પક્ષની રે, સૂર્યવાર સુપ્રસિદ્ધ સંયમ૦ ।
રાજનગરમાંહિ રહ્યા રે, એહ મનોરથ સિદ્ધ સંયમ૦ ॥૨૩॥

તપગચ્છગયણદિનેસરુ રે, વિજયદેવસૂરિ રાય સંયમ૦ ।
વિનયવંત તસ પાટવી રે, વિજયસિંહસૂરિ થાય સંયમ૦ ॥૨૪॥

પંડિતરત્નશિરોમણિ રે, કીધો કિરિયાઉદ્ધાર સંયમ૦
સીસ તાસ સત્યવિજયજી રે, શુભ કિરિયા આચાર સંયમ૦ ॥૨૫॥

તાસ કપૂરવિજય કવી રે, ખિમાવિજય તસ સીસ સંયમ૦ ॥
ખિમા ગુણેં કરી સોહિઇં રે, નહીં જસ રાગ ને રીસ સંયમ૦ ॥૨૬॥

પંડિતશિરચૂડામણી રે, લક્ષણ લક્ષિત અંગ સંયમ૦ ॥
શ્રી જિનવિજય સોભાગીયા રે, તેહના સીસ સુચંગ સંયમ૦ ॥૨૭॥

તસ આસન સોહાગરૂ રે, જાણેં જૈન સિદ્ધાંત સંયમ૦ ॥
શ્રીગુરુ ઉત્તમવિજયજી રે, વૈરાગી એકાંત સંયમ૦ ॥૨૮॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તસ પદપદ્મ ભ્રમર સમો રે, 'પદ્મવિજય' વર નામ સંયમ૦ ॥
ગુરુ કિરપાથી કીધલો રે, એહ રાસ અભિરામ સંયમ૦ ॥૨૯॥
પંચમ સુમતિ જિનેસરૂ રે, તેહના ચરિત્ર મઝાર સંયમ૦ ॥
શ્રી જયાનંદચરિત્રમાં રે, ભાષ્યો એ અધિકાર સંયમ૦ ॥૩૦॥
સીમંધર સ્વામી તથા રે, તિમ વલી ભાભા પાસ સંયમ૦ ।
સાનિધેં સંપૂરણ થયો રે, મદન-ધનદેવ-રાસ સંયમ૦ ॥૩૧॥
જે ભણસ્યેં ગણસ્યેં વલી રે, વાંચસ્યેં પુણ્ય વિશાલ સંયમ૦ ॥
તે સુખ સઘલાં અનુભવી રે, લહેંસ્યેં મંગલમાલ સંયમ૦ ॥૩૨॥

॥ સર્વ ગાથા ૪૫૯ [૪૫૭] ॥

इति श्रीमदुत्तमविजय ग. शिष्य पं. पद्मविजय ग. विरचितोऽयं मदन-धनदेवरासः समाप्तः ॥ लि. पं० पद्मविजयेन ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org